dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 299 | AD - 2025, Sravan Sud-08 | Saturday, Dt.02-08-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## ભારતે અમેરિકાને જાણ કરી છે કે તેને એફ-૩૫ સ્ટીલ્થ ફાઇટર એરક્રાફ્ટ ખરીદવામાં રસ નથી

# ભારત હવે અમેરિકા પાસેથી સંરક્ષણ ઉત્પાદનોની ખરીદી પર રોક લગાવે તેવી સંભાવના

નવીદિલ્હી,તા.૧

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સોદા અંગે સતત ચર્ચા ચાલી રહી છે. જો કે, આ દરમિયાન, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. માહિતી અનુસાર, આ ટેરિફ ૭ ઓગસ્ટથી અમલમાં આવશે. જો કે, આ દરમિયાન, ભારત તરફથી પણ મોટા સમાચાર આવ્યા છે. રિપોર્ટ મુજબ, ભારતે અમેરિકાના એફ-૩૫ ફાઈટર એરક્રાફ્ટ ખરીદવાનો ઈનકાર કર્યો છે. બ્લૂમબર્ગે તેના રિપોર્ટમાં અધિકારીઓને ટાંકીને કહ્યું છે કે અમેરિકન ઉત્પાદનોની ખરીદીને વેગ આપવાનો વિચાર કરવા છતાં, ભારત અમેરિકા પાસેથી વધારાના સંરક્ષણ ઉત્પાદનો ખરીદે તેવી શક્યતા નથી. બ્લૂમબર્ગ દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ મુજબ, ભારતે અમેરિકાને જાણ કરી છે કે તેને એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર એરક્રાફ્ટ ખરીદવામાં રસ નથી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફેબ્રુઆરી ૨૦૨૫માં અમેરિકાની મુલાકાત લીધી હતી અને વ્હાઈટ હાઉસમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે ભારતને એફ-૩૫ ફાઈટર એરક્રાફ્ટ વેચવાની ઓફર કરી હતી. રિપોર્ટ મુજબ, અધિકારીઓએ કહ્યું છે કે ભારત સંયુક્ત ડિઝાઈન અને સ્થાનિક સ્તરે સંરક્ષણ સાધનોના ઉત્પાદન પર કેન્દ્રિત ભાગીદારીમાં વધુ રસ ધરાવે છે. ભારતના સંરક્ષણ મંત્રાલયે હજુ સુધી આનો જવાબ આપ્યો નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧ ઓગસ્ટથી ભારતમાંથી આયાત



થતી વસ્તુઓ પર ૨૫ ટકા ડ્યુટીની જાહેરાત કરી હતી. ટ્રમ્પે રશિયાથી આયાત કરવા બદલ દંડાત્મક પગલા તરીકે ભારત પર દંડની પણ જાહેરાત કરી હતી, આ ૨૫ ટકા ડ્યુટીથી અલગ હશે. ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકાએ ભારત સાથે પ્રમાણમાં 'ઓછો વેપાર' કર્યો છે કારણ કે તેના ટેરિફ ખૂબ ઊંચા છે. ટ્રમ્પે વધુમાં કહ્યું - "ભારત હંમેશા રશિયા પાસેથી તેના લશ્કરી સાધનોનો મોટો હિસ્સો ખરીદે છે, અને ચીન સાથે રશિયાની ઊર્જાનો સૌથી મોટો ખરીદદાર છે, જ્યારે દરેક ઈચ્છે છે કે રશિયા યુક્રેનમાં હત્યા બંધ કરે." ટેરિફ પર ભારતે શું કહ્યું? ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ટેરિફ લાદવામાં આવ્યા પછી, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે ગુરુવારે સંસદમાં નિવેદન આપ્યું છે. પીયૂષ ગોયલે કહ્યું છે કે ટેરિફની અસરોનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને રાષ્ટ્રીય હિતોને સુરક્ષિત કરવા અને આગળ વધારવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે. પીયૂષ ગોયલે સંસદમાં કહ્યું કે મોદી સરકાર ખેડૂતો, કામદારો, ઉદ્યોગસાહસિકો, નિકાસકારો, એમએસએમઈ અને ઉદ્યોગના તમામ હિસ્સેદારોના રક્ષણ અને પ્રોત્સાહનને સૌથી વધુ મહત્વ આપે છે. ટ્રમ્પે અચાનક જે રીતે ભારત સામે પોતાનો દ્વેષ વ્યક્ત કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે, તેનાથી એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે તેઓ આ કારણોસર ગુસ્સે છે. પહેલા તેમણે ભારતમાંથી થતી આયાત પર ૨૫% ટેરિફ લાદ્યો અને પછી ભારતીય અર્થતંત્રને 'મૃત અર્થતંત્ર' ગણાવ્યું કારણ કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાના તેમના ઈનકારના દબાણ સામે ઝૂકવા તૈયાર નહોતું. તે જ સમયે, રશિયન ફાઈટર પણ ભારતને જરૂરી અત્યાધુનિક ફાઈટર પ્લેન માટે એક મહત્વપૂર્ણ વિકલ્પ છે. બાય ધ વે, છેલ્લા કેટલાક મહિનામાં અમેરિકાના એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટર પ્લેન સાથે જે સમસ્યાઓ આવી છે, તે જોતાં એવું લાગે છે કે પીએમ મોદીએ ટ્રમ્પના પ્રસ્તાવને નકારીને યોગ્ય પગલું ભર્યું છે.

# માલેગાંવ બ્લાસ્ટ કેસ મામલે 'મોહન ભાગવતની ધરપકડ કરવા માટે કહેવામાં આવ્યું હતું' : ભૂતપૂર્વ એટીએસ અધિકારીનો દાવો

મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રના માલેગાંવમાં બોમ્બ બ્લાસ્ટ કેસમાં ગુરુવારે મોટો ચુકાદો આવ્યો. એનઆઈએ સ્પેશિયલ કોર્ટે આ કેસમાં સાધ્વી પ્રજ્ઞા અને કર્નલ પુરોહિત સહિત તમામ ૭ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. લગભગ ૧૭ વર્ષ પછી આવેલા આ નિર્ણયની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. દરમિયાન, માલેગાંવ બોમ્બ વિસ્ફોટ કેસની તપાસ કરનાર મહારાષ્ટ્ર એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડના ભૂતપૂર્વ પોલીસ અધિકારીએ એક સનસનાટીભર્યો ખુલાસો કર્યો છે. ભૂતપૂર્વ પોલીસ



અધિકારીએ દાવો કર્યો છે કે તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતની ધરપકડ કરવાનું કહેવામાં આવ્યું હતું. માલેગાંવ બ્લાસ્ટ કેસમાં ચુકાદા પછી, ભૂતપૂર્વ ઈન્સ્પેક્ટર મહેબૂબ મુજાવરે તેના પર પ્રતિક્રિયા આપતા એક મોટો ખુલાસો કર્યો છે. મુજાવરે જણાવ્યું છે કે તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતની ધરપકડ કરવાનું કહેવામાં આવ્યું હતું. મુજાવરના મતે, ભાગવતની ધરપકડ કરવાના આદેશનો હેતુ 'ભગવા આતંકવાદ' સ્થાપિત કરવાનો હતો. પૂર્વ ઈન્સ્પેક્ટર મહેબૂબ મુજાવરે સોલાપુરમાં કહ્યું છે કે માલેગાંવ બ્લાસ્ટ કેસમાં કોર્ટના નિર્ણયથી એટીએસની 'છેતરપિંડી' નકારી કાઢવામાં આવી છે. તમને જણાવી દઈએ કે શરૂઆતમાં આ કેસની તપાસ એટીએસ દ્વારા કરવામાં આવી હતી. જોકે, બાદમાં એનઆઈએએ કેસ પોતાના હાથમાં લીધો. મુજાવરે વધુમાં કહ્યું, "આ નિર્ણયથી નકલી અધિકારી દ્વારા કરવામાં આવેલી નકલી તપાસનો પર્દાફાશ થયો છે." મુજાવરને કયો આદેશ મળ્યો? ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ મહારાષ્ટ્રના માલેગાંવમાં થયેલા વિસ્ફોટમાં ૬ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૧૦૧ લોકો ઘાયલ થયા હતા. મહેબૂબ મુજાવરે જણાવ્યું છે કે તેઓ આ વિસ્ફોટની તપાસ કરી રહેલી એટીએસ ટીમનો ભાગ હતા. મુજાવરે જણાવ્યું હતું કે તેમને મોહન ભાગવતની 'ધરપકડ' કરવાનું કહેવામાં આવ્યું હતું.

# જગદીપ ધનખડના રાજીનામા બાદ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૯ સપ્ટેમ્બરે મતદાન થશે : ચૂંટણી પંચ

નવીદિલ્હી,તા.૧

ચૂંટણી પંચે શુક્રવારે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી સંબંધિત મહત્વપૂર્ણ તારીખો જાહેર કરી. જો જરૂરી હોય તો ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે મતદાન ૯ સપ્ટેમ્બરે થશે અને પરિણામ પણ તે જ દિવસે જાહેર કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે જગદીપ ધનખડે સ્વાસ્થ્ય કારણોસર ૨૧ જુલાઈના રોજ ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. આ પછી, હવે નવા ઉપરાષ્ટ્રપતિ માટે ચૂંટણી યોજાઈ રહી છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનું સમયપત્રક - ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવું- ૦૭ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર), નામાંકન માટેની છેલ્લી તારીખ- ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર), નામાંકન ચકાસણીની તારીખ- ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર),




નામાંકન પાછા ખેંચવાની છેલ્લી તારીખ- ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર), જો જરૂરી હોય તો, કયા દિવસે મતદાન થશે તે તારીખ- ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ (મંગળવાર), મતદાનનો સમય- ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી જો જરૂરી હોય તો, કયા દિવસે મતગણતરી થશે તે તારીખ- ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ (મંગળવાર). ભારતના બંધારણના અનુચ્છેદ ૬૬ મુજબ, ઉપરાષ્ટ્રપતિની પસંદગી સંસદના બંને ગૃહોના બહુમતી દ્વારા એકલ ટ્રાન્સફરેબલ વોટ પદ્ધતિ દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વ પ્રણાલી અનુસાર થાય છે. ઉપરાષ્ટ્રપતિની પસંદગી સંસદના સભ્યો ધરાવતી ચૂંટણી મંડળ દ્વારા થાય છે. ૧૭મી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી, ૨૦૨૫ માટે ચૂંટણી મંડળમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ- રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા સભ્યો (હાલમાં ૦૫ બેઠકો ખાલી છે), રાજ્યસભાના ૧૨ નામાંકિત સભ્યો અને લોકસભાના ૫૪૩ ચૂંટાયેલા સભ્યો (હાલમાં ૦૧ બેઠક ખાલી છે). ચૂંટણી પંચે જણાવ્યું છે કે ચૂંટણી મંડળમાં સંસદના બંને ગૃહોના કુલ ૭૮૮ સભ્યો (હાલમાં ૭૮૨ સભ્યો) હોય છે.

# દુર્ગા પૂજા સમિતિઓને મમતા સરકાર રૂા.૧.૧૦ લાખ અનુદાન આપશે

કોલકતા,તા.૧

આગામી વર્ષે પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી છે. તે ચૂંટણી પહેલા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દુર્ગા પૂજા સમિતિઓ માટે મોટી જાહેરાત કરી છે. બંગાળમાં દુર્ગા પૂજા સમિતિઓને હવે રાજ્ય સરકાર તરફથી ૧ લાખ ૧૦ હજાર રૂપિયાનું અનુદાન મળશે. ગયા વર્ષની સરખામણીમાં તેમાં ૨૫ હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે રાજ્ય સરકારે પૂજા સમિતિઓને ૮૫,૦૦૦ રૂપિયા આપ્યા હતા. તે સમયે મુખ્યમંત્રી



મમતાએ જાહેરાત કરી હતી કે આ વર્ષે એક લાખ રૂપિયા આપવામાં આવશે. જોકે, વાસ્તવમાં મુખ્યમંત્રીએ જાહેરાત કરતા ૧૦,૦૦૦ રૂપિયા વધુ આપ્યા, આ ઉપરાંત, વીજળી પર પણ ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીએ CESE અને રાજ્ય વીજળી વિતરણ બોર્ડને પૂજા સમિતિઓને વીજળી ચાર્જમાં ૮૦ ટકા ડિસ્કાઉન્ટ આપવા કહ્યું છે. તેમણે જાહેરાત કરી છે કે કોલકાતામાં ૫ ઓક્ટોબરે પૂજા કાર્નિવલ યોજાશે. આ પહેલા ૨, ૩ અને ૪ ઓક્ટોબરે મૂર્તિ વિસર્જન થશે. આ વર્ષે સપ્ટેમ્બરમાં દુર્ગા પૂજાને ધ્યાનમાં રાખીને, પૂજા સમિતિઓએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રીએ ગુરુવારે કોલકાતાના નેતાજી ઈન્ડોર સ્ટેડિયમમાં રાજ્યની વિવિધ પૂજા સમિતિઓના આયોજકો સાથે બેઠક યોજી હતી.

# બિહારમાં એસઆઈઆર મુદ્દે સાંસદમાં સતત ૯મા દિવસે વિપક્ષી સાંસદોનું પ્રદર્શન




નવીદિલ્હી,તા.૧

બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનના મુદ્દા પર સંસદનું ચોમાસુ સત્ર સંપૂર્ણપણે ધોવાઈ ગયું હોય તેવું લાગે છે. ઓપરેશન સિંદૂર પર ચર્ચા સિવાય, સંસદમાં કામકાજ સંપૂર્ણપણે ઠપ્પ છે. શુક્રવારે, સતત નવમા દિવસે, વિપક્ષી સાંસદોએ એસઆઈઆર પર ચર્ચાની માંગણી સાથે સંસદની બહાર વિરોધ કર્યો. આ વિરોધ સંસદની અંદર પણ ચાલુ રહ્યો અને કાર્યવાહી ફરી સ્થગિત થઈ ગઈ. શુક્રવારે બિહારમાં ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશન વચ્ચે રાજકીય યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. ચોમાસુ સત્ર ૨૧ જુલાઈએ શરૂ થયું હતું અને શુક્રવારે ગૃહની કાર્યવાહીનો ૧૦મો દિવસ હતો આ સમયગાળા દરમિયાન, ગૃહમાં પ્રશ્નકાળ ફક્ત બે દિવસ, મંગળવાર અને બુધવાર, અવિરતપણે પૂર્ણ થયો હતો. ઓપરેશન સિંદૂર પર વિશેષ ચર્ચા અને મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લંબાવવા માટેના બંધારણીય ઠરાવની મંજૂરી સિવાય, ગૃહમાં અન્ય કોઈ મહત્વપૂર્ણ કાયદાકીય કાર્ય થઈ શક્યું નથી. રાજ્યસભામાં ઉપાધ્યક્ષે વિપક્ષની ચર્ચાની માંગણીને ફગાવી દીધી, એમ કહીને કે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે, તેથી તેના પર ચર્ચા શક્ય નથી. આ દરમિયાન, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી અને ઈન્ડિયા બ્લોકના બાકીના સાંસદો સ્પીકર ઓમ બિરલા સાથે મળ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપક્ષના સાંસદોએ સ્પીકરને સંસદના બંને ગૃહોમાં SIR પર ચર્ચા કરવાની માંગ કરી. એસઆઈઆરના મુદ્દા પર વિપક્ષ અને સરકાર વચ્ચે કરો યા મરોનો માહોલ સર્જાયો છે. રાજ્યસભામાં ઉપાધ્યક્ષે જે રીતે તેને કોર્ટમાં પેન્ડિંગ મુદ્દો ગણાવ્યો, તેનાથી એવું લાગે છે કે આ મુદ્દા પર ભાગ્યે જ ચર્ચા થશે. વિપક્ષ અને સરકાર વચ્ચેના આ વિવાદને કારણે સંસદમાં કામકાજ અટકી ગયું છે. શુક્રવારે વિપક્ષ દ્વારા ૧૫ નોટિસ આપવામાં આવી હતી, જેને ઉપાધ્યક્ષે સ્વીકારી ન હતી.









# અમરેલીના જેસીંગપરા નજીક આવેલો પુલ ખોલવા રજૂઆત કરાઈ

અમરેલી તા ૦૧

અમરેલીમાં જેસીંગપરા કામનાથ પાસે નદી પર બનેલો બેઠો પુલ તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યો છે જેથી આ પુલને ખોલવા માટે પૂર્વ શહેર ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયા દ્વારા કલેકટરને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે અમરેલીમાં વડી-ઠેબી નદી પર આવેલ કામનાથ પુલને જર્જરિત જાહેર કરવામાં આવ્યો છે અને તાત્કાલિક તંત્ર દ્વારા આ પૂલને બંધ કરી નાખવામાં આવતા ચક્કરગઢ રોડ પર આવેલ શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમજ આ વિસ્તારમાં રહેતા રત્ન કલાકારોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે જેથી આ બ્રિજ પર બાઈક અને સાયકલ ચાલી શકે તે રીતે ખોલવામાં આવે તો આ વિસ્તારના લોકોને ખૂબ જ સરળતા થાય તેમ છે. તેવી રાજેશ માંગરોળીયા દ્વારા અંતમાં રજૂઆત કરવામાં આવી હતી.

**પૂર્વ શહેર ભાજપ મહામંત્રીએ કલેકટરને પત્ર પાઠવ્યો**

# ધારી તાલુકા અનુ. જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળીના સભાસદોએ આવેદન પત્ર પાઠવ્યું

ધારી,તા.૦૧



ધારી તાલુકા અનુસૂચિત જાતિ સામુદાયિક ખેતી સહકારી મંડળીના સભાસદોએ મંડળીના પ્રમુખ અને જિલ્લા રજિસ્ટ્રારને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું છે. સભાસદોએ આક્ષેપ કર્યો છે કે મંડળીમાં થયેલા ભ્રષ્ટાચારની તપાસ માટે ચાર વખત આદેશો હોવા છતાં એક પણ આદેશ પર કાર્યવાહી થઈ નથી. સભાસદોએ દફ્તર કબજે કરીને આરોપીઓ સામે કડક પગલાં લેવાની માગણી કરી છે. તેઓએ જિલ્લા કલેક્ટર કચેરીએ એકત્ર થઈને સૂત્રોચ્ચાર કર્યા હતા. જો આગામી સમયમાં આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય દલિત અધિકાર પંચની ટીમ અને મોટી સંખ્યામાં અનુસૂચિત જાતિના લોકો ઉપવાસ આંદોલન કરશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# વડીયામાં કોલેજનો પ્રારંભ: વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદનો માહોલ

વડીયા,તા.૦૧



વડીયા શહેરમાં કોલેજનો પ્રારંભ થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ છવાયો છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની રજૂઆતને પગલે રાજ્ય સરકારે તાત્કાલિક ધોરણે આ કોલેજ મંજૂર કરી હતી. વડીયા તાલુકાના વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા કોલેજ શરૂ કરવા માટે કૌશિકભાઈ વેકરીયા સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. વાલીઓએ જણાવ્યું હતું કે, એસ.ટી. બસની અનિયમિતતાને કારણે વિદ્યાર્થીઓ, ખાસ કરીને યુવતીઓને બહારગામ અભ્યાસ માટે જવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ રજૂઆતને ધ્યાનમાં રાખીને, કૌશિકભાઈ વેકરીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે વાતચીત કરી હતી અને મુખ્યમંત્રીએ વડીયામાં કોલેજ મંજૂર કરી હતી. આજે કોલેજના પ્રથમ દિવસે ૧૦૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેમાંથી ૮૦ વિદ્યાર્થીઓએ નિયમિત અભ્યાસ શરૂ કરી દીધો છે. આ અવસરે જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક, વડીયા તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, તુષારભાઈ ગણાત્રા, અનિરુદ્ધભાઈ બોરીચા, તુષારભાઈ વેગડ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓએ ગુજરાત સરકાર અને કૌશિકભાઈ વેકરીયાનો આ નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# કુંકાવાવ તાલુકાના અનિડા ગામે ખોડલધામ રથનું ભવ્ય સ્વાગત કરાયું

અમરેલી,તા.૦૧



કાગવડ મુકામે ખોડલધામના સાનિધ્યમાં કેન્સર હોસ્પિટલનું નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે આ આધુનિક હોસ્પિટલ બને તે પહેલા જ અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મા ખોડલનો રથ ફરી રહ્યો છે. આ રથ કુંકાવાવ તાલુકાના અનિડા ગામે આવી પહોંચતા અનિડા ગામ પરિવાર દ્વારા મા ખોડલની ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી. આ રથયાત્રામાં સમસ્ત ગામ જોડાયું હતું તેમ જ ગ્રામજનોએ મા ખોડલના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# પીપાવાવ પોર્ટ દ્વારા પીવાનું પાણી શરૂ કરાયું, ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

રાજુલા,તા.૦૧

રાજુલાના પીપાવાવ પંથકમાં છેલ્લા ૩ દિવસ પહેલા પીવાના પાણીને લઈ વિવાદ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ પીવાનું પાણી બંધ કર્યાના આક્ષેપો કરવામાં આવ્યા બાદ હવે પાણી ફરીવાર શરૂ કરવામાં આવ્યું છે. રાજુલા તાલુકામાં પીપાવાવ પોર્ટની પ્રાઈવેટ લાઈન મહીપરી યોજના હેઠળ પાઈપ લાઈનમાંથી પીવાનું પાણી આવી રહ્યું છે. જેમાં કેટલાક ગેરકાયદેસર દુકાનદારો હોટલ ધારકોના કનેક્શન કાપવામાં આવ્યા હતા અને પીપાવાવમાં વેલ્ડીંગની કામગીરી પૂર્ણ થતા ફરીવાર પીપાવાવ પોર્ટ, રામપરા, દેવપરાને પાણી આપવામાં આવી રહ્યું છે. પાણી શરૂ થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. પાણી પુરવઠા વિભાગના અધિકારી ભૌતિક ઢાંકેચાએ જણાવ્યું હતું કે, પાઈપલાઈનની વેલ્ડીંગની કામગીરી પૂર્ણ થઈ જતા પાણી ગઈકાલથી શરૂ કરી દેવાયું છે.

**છેલ્લા ત્રણ દિવસથી પાણી બંધ રહેતા ગ્રામજનોએ હોબાળો મચાવ્યો હતો**

# સાવરકુંડલા-લીલીયાના ચાર મહત્વના ડેમની મુલાકાત લેતા મહેશ કસવાલા

સાવરકુંડલા,તા.૦૧



સાવરકુંડલા- લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ તા. ૩૦ જુલાઈના રોજ તેમના વિસ્તારમાં આવેલા ચાર મહત્વના ડેમ - શેલ દેદુમલ, સૂરજવડી, સુકનેરા અને ભેંસાણ ડેમની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે ડેમ સાઈટ પર ચાલી રહેલા વિકાસકામોનું અધિકારીઓ સાથે નિરીક્ષણ કર્યું હતું. આ સાથે, શેલ દેદુમલ ડેમ સાઈટના નવીનીકરણ કામનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ સૌની યોજના દ્વારા આ ડેમોમાં નર્મદાના નીર નાખવાના કામનું સ્થળ પર જ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન, તેમણે અધિકારીઓ સાથે પાણીના સંગ્રહ, વિતરણ, સિંચાઈ અને રિચાર્જ અંગેની માહિતી મેળવી હતી અને તાત્કાલિક જરૂરિયાતોને ધ્યાને લઈ યોગ્ય સૂચનાઓ આપી હતી.

# ભરતભાઈ મકવાણાના પરિવારને જિલ્લાના આગેવાનોએ સાંત્વના પાઠવી

**શહેર અને જિલ્લાના રાજકીય અને સામાજિક અગ્રણીઓએ શોક સંદેશો પાઠવ્યો**

અમરેલી,તા.૦૧





અમરેલી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી ભરતભાઈ મકવાણાના માતૃશ્રી મણીબેન મકવાણાના અવસાન નિમિત્તે આજે રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિની વાડી મુક્તાનંદ બાગ ખાતે બેસણું રાખેલ હતું. જેમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સારહિ યુથ ક્લબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, પ્રદેશ બક્ષી પંચ મોરચાના મયુરભાઈ માંજરીયા, અગ્રણી કેળવણીકાર કનુભાઈ સોરઠીયા, ગીરીયા આશ્રમના મહંત રામમનોહર દાસજી બાપુ, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ હિરેનભાઈ હિરપરા, જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, જિલ્લા ભાજપના કોષાધ્યક્ષ દીપકભાઈ વઘાસિયા, નગરપાલિકાના કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, અગ્રણી બિલ્ડર વસંતભાઈ મોવલીયા, સુરેશભાઈ દેસાઈ, શહેર ભાજપના પ્રમુખ વિજયભાઈ ચોટલીયા, મહામંત્રી રાકેશભાઈ સાવલિયા તથા યોગેશભાઈ ગણાત્રા, અગ્રણી ડોક્ટર સાપરીયા તથા કેવલ પંડ્યા, ડોક્ટર ચાવડા સાહેબ, પ્રણવ સાપરિયા, રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘના મનીષભાઈ સિદ્ધપરા, રામભાઈ કેશવાલા, વિજયભાઈ મકવાણા, મનીષભાઈ અગ્રાવત, સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, શાસનાઅધિકારી આશિષભાઈ જોશી, હરિઓમ ડેરી ફાર્મના હરિભાઈ બાંભરોલીયા, શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી વગેરેએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મકવાણા પરિવારને સાંત્વના પાઠવેલ હતી.









# જાફરાબાદ ખાતે ગર્લ્સ હોસ્ટેલનું ચેતન શિયાળના હસ્તે ખાતમુહૂર્ત

જાફરાબાદ,તા.૦૧



ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રયત્નથી જાફરાબાદ ખાતે K.G.B.V શાળા ખાતે ગર્લ્સ હોસ્ટેલના ખાતમુહૂર્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેતનભાઈ શિયાળના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જાફરાબાદમાં વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ શકે તે માટે હોસ્ટેલ તેમજ અન્ય સુવિધા માટે ગુજરાત સરકાર દ્વારા વધુ રૂ.૪.૧૬ કરોડ મંજૂર કરાયા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત કોળીસેના યુવા ઉપ્રમુખ ભાવેશભાઈ સોલંકી,અમરેલી જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા, કુલદીપભાઈ વરુ અને સંદીપભાઈ શિયાળ તેમજ ગ્રામજનો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**ત્રણ-ત્રણ સિંહબાળના મોત છતાં વન વિભાગ હજુ પોસ્ટમાર્ટમના રિપોર્ટની રાહ જુએ છે!!!**

# જવાબદાર વન અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરો : હીરાભાઈ સોલંકી

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લાના જાફરાબાદ રેન્જ સહિતના વિવિધ વિસ્તારોમાં તાજેતરમાં બનેલી સિંહબાળના મૃત્યુની ઘટનાઓ બાદ રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ રાજ્યના વનમંત્રી મુળુ બેરાને પત્ર લખીને આ અંગે ગંભીર રજૂઆત કરી છે. પત્રમાં હીરાભાઈ સોલંકીએ વન વિભાગના અધિકારીઓની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે અને આ મૃત્યુ પાછળ તેમની નિષ્કાળજી અને ભૂલો જવાબદાર હોવાનું જણાવ્યું છે. તેમણે અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગણી કરી છે. હીરાભાઈ સોલંકીએ પત્રમાં જણાવ્યું છે કે છેલ્લા બે મહિનામાં પાલીતાણા શેત્રુંજી ડિવિઝન અને ધારી ગીર પૂર્વ ડિવિઝનમાં પણ સિંહોના મૃત્યુ થયા છે. આ સિંહબાળના મૃત્યુ કોઈ રોગના કારણે થયા હોવાનું જાણવા મળ્યું છે. તેમણે કહ્યું કે નિયમ મુજબ ટ્રેકર્સ અને વન વિભાગના અન્ય અધિકારીઓ તેમના નિર્ધારિત વિસ્તારોમાં સિંહોની દેખરેખ રાખવા માટે ફરતા હોય છે તેમ છતાં, આ ઘટનાઓ તેમની જાણ બહાર કેમ રહી તે એક ગંભીર



બાબત છે. ધારાસભ્યએ વધુમાં જણાવ્યું કે જો વન વિભાગ દ્વારા સમયસર સિંહો અને સિંહબાળની તપાસ કરવામાં આવી હોત તો આ મૃત્યુ અટકાવી શકાયા હોત. આ ઘટના વન્યપ્રાણીઓના સંરક્ષણ માટે વન વિભાગની જવાબદારી પર ગંભીર સવાલ ઉભા કરે છે. તેમણે આ સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસ અને જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે. ત્રણ સિંહબાળના મોત થયા બાદ સિંહપ્રેમીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે વનમંત્રી મુળુભાઈ બેરા અને પાલીતાણા શેત્રુંજી રેન્જના ડીસીએફના વિરોધાભાસી નિવેદન સામે આવ્યા હતા. હાલ તો સિહબાળના કમોતથી સિંહપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી છે ત્યારે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ વનમંત્રીને લખેલા પત્ર બાદ વનમંત્રી કેવી કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું.

**સિંહોની દેખરેખ માટે આંટાફેરા કરતા વન કર્મચારીઓની ગંભીર બેદરકારી સામે આવી**

**શહેરીજનોને વેરાવધારાનો ડામ આપી પાલિકાએ તિજોરી છલકાવી**

# બગસરામાં વેરો વધાર્યા બાદ પાલિકાની તિજોરીમાં રૂા. ૧ કરોડનો થયો વધારો

બગસરા,તા.૦૧

બગસરા નગરપાલિકાએ શહેરીજનો માથે વેરાવધારાનો બોજ નાખી પોતાની તિજોરી છલકાવી છે. વેરાવધારા બાદ પાલિકાને વેરા થકી વધારાની રૂા.૧ કરોડની આવક થઈ છે. બગસરા પાલિકાએ શહેરીજનો માથે પાણી વેરો રૂ.૬૦૦ને બદલે રૂા.૯૦૦, લાઈટ વેરો, ભૂગર્ભ ગટર ભાડુ સહિતના વેરા ઝીંકી દીધા છે. જેના કારણે શહેરીજનોમાં દેકારો બોલી ગયો હતો. શહેરીજનોની રજૂઆત પણ ધ્યાને લીધા વગર પાલિકાએ વેરાવધારો ઝીંકી દેતા પાલિકાની તિજોરીમાં રૂા.૧ કરોડ વધુની આવક થઈ છે. આ અંગે પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી. રીબડીયાએ જણાવ્યું હતું કે, વેરો વધારવો જરૂરી હતો. પાલિકાની આવકમાં વધારો થયો છે તેના કારણે કર્મચારીઓ અને પેન્શનરોના પગાર નિયમિત થઈ શકશે તેમજ શહેરના વિકાસ માટે પણ આ નાણા વાપરી શકાશે. વેરાવધારો થયા બાદ પાલિકાની તિજોરીમાં આવક વધતા આ નાણા લોકોની સુખાકારી માટે વાપરવામાં આવશે તેમ અંતમાં જણાવ્યું હતું. જો કે પાલિકાએ કરેલા વેરાવધારાની સામે સામાજિક સંસ્થા દ્વારા હાઈકોર્ટમાં અપીલ પણ કરવામાં આવી છે.

# અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા શ્રાવણ માસમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવા રજૂઆત

**અમરેલી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી મીઠાઈ-ફરસાણની ગુણવત્તા જાળવવા અને ગ્રાહક જાગૃતિ ફેલાવવા અનુરોધ**

અમરેલી, તા.૦૧

પવિત્ર શ્રાવણ માસ અને આગામી જન્માષ્ટમી, રક્ષાબંધન જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને, અખિલ ભારતીય ગ્રાહક પંચાયત, અમરેલીની ટીમ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને



રજૂઆત કરવામાં આવી છે. આ તહેવારો દરમિયાન મીઠાઈ અને ફરસાણ જેવા ખાદ્ય પદાર્થોનો મોટા પાયે ઉપયોગ થતો હોય છે, ત્યારે તેમાં ભેળસેળ ન થાય અને ગુણવત્તા જળવાઈ રહે તે માટે યોગ્ય પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ગ્રાહક પંચાયત દ્વારા તંત્રને સમયસર ખાદ્ય પદાર્થોના નમૂના લઈ ચેકિંગ કરવા અને આ બાબતે ગ્રાહકોમાં જાગૃતિ ફેલાવવા માટે પણ યોગ્ય પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે. આ આવેદનપત્ર અખિલ ભારતીય ગ્રાહક પંચાયત, અમરેલી જિલ્લા ટીમ વતી સંદીપભાઈ એચ. પાનસુરીયા, જગતભાઈ કોટેચા, મનીષભાઈ સાંગાણી અને વિમલભાઈ કાબરિયા દ્વારા પાઠવવામાં આવ્યું હતું.

# અમરેલી પાલિકાના હેડ ક્લાર્ક નિવૃત્ત થતા વિદાયમાન અપાયું

અમરેલી,તા.૦૧

અમરેલી નગરપાલિકામાં ઘણા વર્ષો સુધી પોતાની વિવિધ ફરજ નિભાવી હેડ ક્લાર્ક નીતિનભાઈ કારીયા વયનિવૃત્ત થતાં તેમને સૌ સાથી કર્મચારીઓ દ્વારા ભાવસભર વિદાયમાન આપવામાં આવ્યુ હતું. અમરેલી નગરપાલિકા ખાતે નીતિનભાઈએ વહીવટી બાબતોમાં વહીવટને સરળ બનાવવા માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. સ્વભાવે સરળ અને વ્યાવહારિક જીવનશૈલીના કારણે તેઓએ સૌ સાથી કર્મચારીઓ, અધિકારીઓમાં સમ્માન મેળવ્યુ હતું. નગરપાલિકામાં વસુલાતની કામગીરીમાં સતત કાર્યરત રહીને તેઓએ અન્ય સહકર્મચારીઓને પ્રેરણા પૂરી પાડી હતી. વિદાયમાન પ્રસંગે અમરેલી નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા,



નગરપાલિકાના સભ્યો દિલાભાઈ વાળા, કાળુભાઈ પાનસુરીયા, અમીનભાઈ, ચિરાગભાઈ ત્રિવેદી, વિશાલ ઠાકર, પિન્ટુભાઈ સહિતના પદાધિકારીઓએ વયનિવૃત્ત થતાં નીતિનભાઈ કારીયાનું સન્માન કરીને તેમની સેવાને બિરદાવી હતી અને ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. ઉપરાંત અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ, તેમજ સૌ કર્મચારીઓ, સગા સંબંધી, મિત્રજનો, સ્નેહીજનોએ પણ નીતિનભાઈનું સન્માન કરીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. નીતિનભાઈ કારીયાની વયનિવૃત્તિ વેળાએ, આભારવિધિ અમરેલી નગરપાલિકાના સભ્ય કાળુભાઈ પાનસુરીયાએ કરી હતી.

# મોંઘીબા મહિલા કોલેજમાં 'પ્રાણિક હિલીંગ ચિકિત્સા' અંગે વ્યાખ્યાન યોજાયું

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજના ઓડિટોરિયમમાં "પ્રાણિક હિલીંગ ચિકિત્સા" પધ્ધતિમાં કૌશલ્ય ધરાવનાર સોનલબેન શાહ દ્વારા એક વક્તવ્યનું આયોજન કરવામાં



આવ્યુ હતું. જેમાં સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થિનીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.






## અવસાન નોંધ

**ડોળાસા**

કાણકીયા (ગીર ગઢડા) રીટાબેન પ્રવીણભાઈ જાદવ (ઉંમર ૫૦ વર્ષ) તે જીવરાજભાઈ વશરામભાઈ જાદવના પુત્રવધૂ, તે પ્રવીણભાઈના પત્ની તેમજ ગીરીશભાઈના ભાભીનું તા.૩૦/૭ ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૨/૮ ના રોજ તેમના નિવાસ સ્થાને કાણકીયા મુકામે રાખેલ છે.

**મુંબઇ**

કાંદીવલી સ્વ.હસમુખભાઈ ઉર્ફે ભલુભાઈ રઘવજીભાઈ કાનાબારના પત્ની મીનાબેન (ઉંમર વર્ષ ૬૯) તે જીગરભાઈ અને કાજલબેન અવનિશકુમાર (કાંદીવલી) ના માતુશ્રી, તે ચંદ્રકાંતભાઈના ભાભીનું તા.૧/૮ ના રોજ અવસાન થયું છે. સ્વર્ગસ્થની પ્રાર્થના સભા તા.૨/૮ શનિવારે હલાઈ લોહાણા મહાજન વાડી કાંદીવલી - મુંબઈ ખાતે સાંજના ૫ થી ૭ રાખેલ છે.

## જાહેર હરરાજી

સવિનય જય ભારત સાથે જણાવવાનું કે જીકિયાળી ગામની ગ્રામ પંચાયત અને કમ્યુનિટિ હોલનું જૂનું મકાન પાડી કાટમાળની હરરાજી તારીખ: ૫/૦૮/૨૦૨૫ ના રોજ કરવામાં આવનાર છે. તો રસ ધરાવતી એજન્સીએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

**-: શરતો :-**

- » હરરાજીમાં ભાગ લેનાર એજન્સી ડિપોઝીટ રૂા.૫૦૦૦ રોકડથી જમા કરવાના રહેશે.
- » હરરાજીમાં ભાગ લેનાર એજન્સી પૈકી પસંદ થયેલ એજન્સીએ જે તે રકમ તે જ દિવસ ચેક/રોકડ સ્વરૂપે ગ્રામ પંચાયતમાં જમા કરવાની રહેશે.
- » પસંદ થયેલ એજન્સીએ કામ સ્થળેથી દિન-૭ માં જૂનું ગ્રામ પંચાયત અને કોમ્યુનિટિ હોલ પાડી સમતળ કરવાના રહેશે.
- » કામ સમયે કોઈપણ પ્રકારની જાનહાનિ કે નુકશાનીની જવાબદારી એજન્સીની રહેશે.

**નોંધ : હરરાજીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો અબાધીત અધિકાર જીકીયાળી ગ્રામ પંચાયતનો રહેશે.**

:: સ્થળ :: જીકીયાળી ગ્રામ પંચાયત

:: હરરાજી તારીખ :: ૦૫/૦૮/૨૦૨૫






**મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

**-: રૂબરૂ સુનાવણી નોટીસ :-**

નં.મરણ નોંધણી/ અરજી નં.૮૦/૨૦૨૫

અરજદારશ્રી:- ડુંમર હિંમતભાઈ નાનજીભાઈ, રે. હીપાવડલી, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા........ ૧. તકમશ્રી હીપાવડલી, તા.સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા જમનાબેન નાનજીભાઈ ડુંમરનું મરણ તા.૦૮/૦૧/૨૦૦૪ ના રોજ મુ. હીપાવડલી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજી કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ/કેસ નં.40/2025

પ્રતિ,
શ્રી માવજીભાઈ રામજીભાઈ ગોહેલ
રહે. માઢવાડ, ગામ- માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, જી.એન.સોલંકી, કોડીનાર .....અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, કચેરી, માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ શ્રી માવજીભાઈ રામજીભાઈ ગોહેલના પિતા સ્વ. રામજીભાઈ બાવાભાઈ ગોહેલનું મરણ તારીખ 03/06/1996 ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના માઢવાડના સને.1996 ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૭૮/૨૫ તા.૨૫/૦૭/૨૦૨૫

વિવાદી- શ્રી મણીબેન ગોબરભાઈ મેવાડા
રહે.વાવડા, તા.બાબરા, જિ.અમરેલી.
મો. ૯૧૦૬૬ ૭૦૪૭૨

**- //વિરૂધ્ધ//-**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, વાવડા, બાબરા ગ્રામ પંચાયત વાવડા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. વાવડા, તા.બાબરાના રહીશ આ કામના અરજદારના પુત્ર શ્રી ભીમજીભાઈ ગોબભાઈ મેવાડાનો જન્મ તા.૧૨/૦૪/૧૯૬૫ ના રોજ મોજે- વાવડા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૭૭/૨૫ તા.૨૫/૦૭/૨૦૨૫

વિવાદી- શ્રી જયંતિભાઈ પાલાભાઈ દાફડા
રહે.ચમારડી, તા.બાબરા, જિ.અમરેલી.
મો. ૮૯૮૦૧ ૬૬૨૬૨

**- //વિરૂધ્ધ//-**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, ચમારડી, બાબરા ગ્રામ પંચાયત ચમારડી, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. ચમારડી તા.બાબરાના રહીશ આ કામના અરજદારના પુત્રી શ્રી પ્રિયાબેન જયંતીભાઈ દાફડાનો જન્મ તા.૧૬/૦૩/૨૦૦૩ ના રોજ મોજે- ચમારડી, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૬/૦૭/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

# અમરેલીનો યુવક લૂંટેરી દુલ્હનનો ભોગ બન્યો: ૩.૫૦ લાખની છેતરપિંડી

**અમદાવાદની યુવતી સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૦૧

અમરેલીમાં રહેતો એક યુવક લૂંટેરી દુલ્હનનો ભોગ બન્યો હતો. દુલ્હન અને તેના સાગરિતોએ ૩.૫૦ લાખની છેતરપિંડીએ કરી હતી. રાજુભાઈ નજરઅલીભાઈ માવાણી (ઉ.વ.૬૨)એ વેરાવળ ગીર સોમનાથના મેરેજ બ્યુરોવાળા, અમદાવાદમાં રહેતા રેહાનબેન તથા શબીનાબેન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના દીકરાના લગ્ન કરવા માટે મેરેજ બ્યુરોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. શબીનાબેને તેમને દુલ્હન તરીકે ઓળખ આપી તથા રેહાનાબેને દુલ્હનની માસી તરીકેની ઓળખ આપી તમામ આરોપીઓએ એકસંપ કરી ગુન્હાહિત કાવતરૂ રચ્યું હતું. જે બાદ વિશ્વાસમાં લઈ, ભોળવી, તેમના દીકરાના લગ્ન કરવાના બહાને મેરેજ બ્યુરોવાળાએ તેમની પાસેથી રોકડા રૂ.૨,૪૦,૦૦૦ તથા તેમના દીકરાના ફુલહાર લગ્ન કરાવી જમણવારના તથા કપડા-લતાના રૂ.૧૦,૦૦૦ રોકડા, રૂ.૫૦,૦૦૦ બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્જેશન કરાવી આપ્યા હતા. તેમણે પોતાની માતાની સોનાની બંગડી, સોનાની ચેઈન, સોનાની બુટી તથા ચાંદીના છડા બે જોડી પહેરવા આપ્યા હતા. જે પરત નહીં આપી કુલ રૂ.૩,૫૦,૦૦૦ મેળવી લઈ છેતરપિંડી વિશ્વાસઘાત કર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ મહેન્દ્રભાઈ ભુપતસિંહ ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી એલસીબી દ્વારા છેલ્લા એક માસમાં ૧૭ વાહનચાલકોને ખનીજ ચોરી કરતા ઝડપી પાડ્યા

**પોલીસે તમામ વાહન ચાલકો સામે ખાણ ખનીજ કાયદા હેઠળ કાર્યવાહી કરી**




અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લામાં બેરોકટોક ખનીજ ચોરી થઈ રહી છે ત્યારે આ ખનીજ ચોરીને ડામવા માટે અમરેલી જિલ્લા પોલીસ વડા દ્વારા એલસીબી પોલીસને સૂચના અને માર્ગદર્શન આપ્યું હતું જેથી અમરેલી એલસીબી પોલીસ દ્વારા જિલ્લામાં ખનીજ ચોરી કરતા ઈસમો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી એલસીબી પોલીસે છેલ્લા એક માસમાં ૧૭ વાહનચાલકોને ખનીજ ચોરી કરતા પકડી પાડી તેની સામે ખાણ ખનીજ કાયદા હેઠળ કડક કાર્યવાહી હાથ કરી હતી. અમરેલી એલસીબી પોલીસ દ્વારા છેલ્લા એક માસમાં જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ કરી ખનીજ ચોરી કરતા ૮ ડમ્પર, ૯ ટ્રેક્ટર મળી ૧૭ વાહનોને કબજે કરી દંડ ફટકાર્યો હતો.

# રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ સહિત કર્મીઓનું ડીજીપી વિકાસ સહાયે સન્માન કર્યું



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૦૧

રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. મહેશભાઈ મહેરા, હેડ કોન્સ. લીલેશભાઈ બાબરીયા (જાફરાબાદ), પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, મહેશભાઈ બારૈયા અને ભરતભાઈ વાળા (ખાંભા)ને ડીજીપી વિકાસ સહાયના હસ્તે સારી કામગીરી બદલ પ્રશંસાપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતાં.

**સીંગતેલની બોટલો, ચાના પેકેટ પણ ઉઠાવી ગયા**

# રાજુલાના ખેરા ગામે તસ્કરોએ એક રાતમાં બે દુકાનને નિશાન બનાવી

**કુલ ૭૫,૮૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત**

રાજુલા, તા. ૦૧

રાજુલાના ખેરા ગામે તસ્કરોએ એક જ રાતમાં બે દુકાનોને નિશાન બનાવી હતી. બંને દુકાનમાંથી મળી કુલ ૭૫,૮૧૦ રૂપિયાનો મુદ્દામાલ ચોરીને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે રાજેશભાઈ વાલજીભાઈ ગુજરીયા (ઉ.વ.૩૨) એ ત્રણ અજાણ્યા ચોર ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની તથા સાહેદ એભલભાઈ ચોથાભાઈ ગુજરીયાની દુકાનના શટર કોઈ સાધન વડે અર્ધા ઉંચા કરી વાળી દઈ દુકાનમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. તેમની દુકાનમાંથી રોકડા રૂ.૫૦,૦૦૦, તમાકુનો એક ડબ્બો મળી કુલ રૂ.૫૦,૮૫૦ની ચોરી કરી હતી. સાહેદ એભલભાઈ ચોથાભાઈ ગુજરીયાની દુકાનમાંથી સીંગતેલની બોટલ ૨૬, ચાના પેકેટ નંગ-૧૨, પાનના ગલ્લામાં પરચુરણ ચીલર તથા રોકડા રૂ.૧૮,૫૦૦ મળી કુલ કિં.રૂ.૨૪,૯૬૦ની ચોરી કરી હતી. ત્રણેય ઈસમોએ બન્ને દુકાનોમાંથી રોકડ તથા દુકાનનો સામાન વસ્તુ મળી કુલ કિં.રૂ.૭૫,૮૧૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ એ.આર. છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં ધ ઉડાન વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા સેવાકીય ક્ષેત્રે એક નવું કદમ



સાવરકુંડલા તા.૦૧

સાવરકુંડલા શહેર ખાતે છેવાડાના વિસ્તારોમાં વસતા પ્રસૂતા બહેનો માટે પ્રભુનો પ્રસાદ (સુખડી) અને જાહેર સ્થાન ઉપર ફરતા ભિક્ષુક લોકોને પ્રભુનો પ્રસાદ (ભોજન) સ્થળ પર પહોચતું કરવાનો ધ ઉડાન વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા સેવાકીય કાર્યનો પ્રારંભ થયો હતો. આ બદલ શહેરભરમાંથી આ ટીમની પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવી હતી.

# સ્વસ્તિક નાગરિક શરાફી મંડળી બગસરા સાથે ૯૪ હજારની છેતરપિંડી

અમરેલી, તા.૦૧

અમરેલીમાં આવેલી સ્વસ્તિક નાગરિક શરાફી મંડળી બગસરા સાથે રૂપિયા ૯૪ હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી. ધારીના ત્રંબકપુર ગામના યુવકે તેની માતાના સહીવાળો ચેક આપ્યો હતો. બનાવ અંગે મોટા માંડવડા ગામે રહેતા વિરજીભાઈ રૂપાભાઈ ચાવડા (ઉ.વ.૩૬)એ ત્રંબકપુર ગામે રહેતા સવિતાબેન બાબુબાઈ બાવીસીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સવિતાબેનના પુત્ર અનિલભાઈ તેમની માતાની સહીવાળો રૂપિયા ૯૪,૨૯૪નો ચેક તેમની મંડળીને આપ્યો હતો. મંડળીની લોનના ચડત હપ્તાનો ચેક આપી તેણે સ્વસ્તિક નાગરિક શરાફી મંડળી બગસરા અમરેલી શાખા સાથે છેતરપિંડી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મેહુલકુમાર વિનુભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**પુત્રએ માતાના નામનો આપેલો ચેક બાઉન્સ થયો**

# સાવરકુંડલા વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ ખાતે પ્રેમચંદ જયંતિની ઉજવણી કરાઈ



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા. ૦૧

સાવરકુંડલામાં આવેલી વી.ડી. ઘેલાણી આર્ટ્સ કોલેજ ખાતે પ્રેમચંદ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી વિભાગ દ્વારા પ્રેમચંદ જયંતિની ઉજવણીના ભાગરૂપે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. ખાસ કરીને પ્રેમચંદના વ્યક્તિત્વ, કવિતા, રંગોળી, બોર્ડ લેખન તથા પ્રેમચંદની વાર્તા 'શાદી કી વજહ' પર નાટ્ય રૂપાંતર દ્વારા વિદ્યાર્થિનીઓએ નાટ્યકૃતિ રજૂ કરી હતી.

# બગસરામાંથી છ, ખંભાળા ગામેથી સાત શકુની ઝડપાયા

**બંને સ્થળેથી મળી ૮૬ હજારનો મુદ્દામાલ જપ્ત**

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળોએ દરોડા પાડીને ૧૩ જુગારીને ૮૬ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. બગસરા ટાઉનમાં ગંજીવાડ વિસ્તારમાં બટુકભાઈ ભીખાભાઈ હડીયાલના મકાનમાંથી રજાકભાઈ ઉમરભાઈ મોર, ઈનાયત જમાલભાઈ સરવૈયા, જયમીન નાથાભાઈ ડાભી, અંકિતભાઈ રસીતભાઈ ત્રવાડી, હિરેનભાઈ નાનજીભાઈ ચાવડા, નિતિનભાઈ કેશુભાઈ બઢીયા હારજીતનો જુગાર રમતાં રોકડા રૂપિયા ૭૫,૫૨૦ સાથે ઝડપાયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે. બાબરાના ખંભાળા ગામે સહકારી મંડળીના પાછળના ભાગેથી ધુડાભાઈ લીંબાભાઈ મેર, ભુપતભાઈ દેવકુભાઈ ધાધલ, ઓઢાભાઈ જગુભાઈ ખાચર, શંભુભાઈ પ્રેમજીભાઈ કાગડ, રમેશભાઈ પરશોતમભાઈ વાટુકીયા, વીઠ્ઠલભાઈ આંબાભાઈ મેસીયા, કનુભાઈ ઓધડભાઈ ધાધલ જાહેરમાં હારજીતનો જુગાર રમતાં રોકડા રૂ.૧૦,૫૮૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: આઠમ
તા. ૦૨-૦૮-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૫:૪૨,
સૂર્યાસ્ત-૦૭:૧૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા

## દૈનિક રાશિફળ

તા.૦૨-૦૮-૨૦૨૫ શનિવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

વૃષભ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે.

કર્ક: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

સિંહ: આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા અને શુભ કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.

કન્યા: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.

તુલા: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે.

ધન: આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

મકર: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

કુંભ: આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. પાછળથી દગો થઈ શકે છે.

મીન: આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

**જિલ્લામાં અપમૃત્યુના વધુ ત્રણ બનાવ**

# પત્ની સાથે મનદુ:ખથી લાગી આવતાં પતિએ ગળાફાંસો ખાધો

**ચક્કરગઢ ગામે યુવકે નશાના કારણે જીવન ટૂંકાવ્યું**

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. ધારીના ડાંગાવદર ગામની સીમમાં એક પતિએ તેની પત્ની સાથે મનદુ:ખ બાદ લાગી આવતા ગલાફાંસો ખાધો હતો. બનાવ અંગે મૂળ રાજસ્થાનના બાંસવાડાના બહાદુ છગનલાલ ડીંડોક (ઉ.વ.૧૯)એ જાહેર કર્યા મુજબ, રામચંદ્ર જીવાભાઈ પારગી (ઉ.વ.૩૨)ને તેમની પત્ની સાથે મનદુ:ખ થતા લાગી આવતાં ડાંગાવદર ગામની સીમમાં ભાગવી રાખેલી વાડીએ લીમડાના ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એમ. માંજરીયા વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીમાં ચક્કરગઢ રોડ પર રહેતા નીતિનભાઈ પ્રાગજીભાઈ ચાવડા (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર ચિરાગભાઈ નીતિનભાઈ ચાવડા (ઉ.વ.૩૨)એ નશાના કારણે પોતાની મેળે ઘરે રૂમની છતમાં હુક સાથે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. વાય. હબસી વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકંડલામાં રહેતા ધ્રુવીલભાઈ મુકેશભાઈ રાયચુરા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, મુકેશભાઈ લક્ષ્મીદાસ રાયચુરા (ઉ.વ.૬૦)ને વેપારમાં આર્થિક નુકસાન થતાં માનસિક તણાવમાં રહેતા હતા. જેથી તેમણે અનાજમાં નાખવાના ટીકડા પી લેતા સારવારમાં મરણ પામ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જી. બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ટીંબા ગામે મહિલા પાસેથી દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં વધુ ત્રણ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ટીંબા ગામેથી મહિલા પાસેથી ત્રણ લીટર, તરવડા ગામેથી ત્રણ લીટર તથા જાળીયા ગામના પાટીયા પાસે બે યુવકો પાસેથી ચાર લીટર મળી કુલ ૧૦ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૨ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

**સાવરકુંડલાના વીરડી ગામનો બનાવ**

# 'તારે મારા પતિ સાથે આડાસંબંધ છે' કહેતા મહિલાએ ના પાડતાં મહિલાએ કુહાડીના ઘા માર્યા

**ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેમ પણ કહ્યું**

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલાના વીરડી ગામે એક ચોંકાવનારી ઘટના બની હતી. એક મહિલાને 'મારા પતિ સાથે તારે આડાસંબંધ છે' તેમ કહેતા તેણે ના પાડી હતી. જેથી મહિલાએ તેને કુહાડીની મુંધરાટી વડે ઈજા પહોંચાડી હતી તેમજ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

બનાવ અંગે કિંજલબેન અરવિંદભાઈ રાઠોડ (ઉ.વ.૨૫)એ ભરતભાઈ ગભરૂભાઈ ચાવડા તથા દક્ષાબેન અશ્વિનભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓએ તેમના ઘરે આવીને ભરતભાઈ ગભરૂભાઈ ચાવડાની વાડીએ બોલાવી હતી. તેઓ ત્યાં જતા દક્ષાબેન અશ્વિનભાઈ ચાવડાએ તેમને તેના પતિ સાથે આડાસંબંધ હોવાનું કહ્યું હતું. જેથી તેમણે ના પાડતાં ભરતભાઈ ચાવડાએ ખપાળી લઈને માર માર્યો હતો. જ્યારે દક્ષાબેને કુહાડીની મુંધરાટી વડે ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત ગાળો બોલી હતી. તેમજ બનાવ બાબતે ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.બી. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.


-:: જાહેર નોટીસ ::-

-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં-કોડીનાર//-

અરજી નં.40/2025
મરણ તારીખ : 03/06/1996

શ્રી માવજીભાઈ રામજીભાઈ ગોહેલ
રહે. માઢવાડ ગામ- માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, કચેરી, માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી માવજીભાઈ રામજીભાઈ ગોહેલ, રહે. માઢવાડ, ગામ-માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથવાળાએ તેમના પિતા સ્વ. રામજીભાઈ બાવાભાઈ ગોહેલનું મરણ તારીખ : **03/06/1996** ના રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૩૧ માહે: જુલાઈ સને ૨૦૨૫ ના રોજ કોર્ટનો સહી તસિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

તંત્રી લેખ

# માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સત્યનો વિજય

માલેગાંવ બ્લાસ્ટ કેસ એક જટિલ અને લાંબો કાનૂની સંઘર્ષ હતો જે ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના માલેગાંવમાં થયેલા બોમ્બ વિસ્ફોટથી શરૂ થયો હતો. આ ભયાનક ઘટનામાં, રમઝાન મહિના દરમિયાન એક મસ્જિદ પાસે મોટરસાયકલ પર મૂકવામાં આવેલા બોમ્બના કારણે ૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. શરૂઆતમાં આ કેસની તપાસ મહારાષ્ટ્રના એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS) દ્વારા કરવામાં આવી હતી, માલેગાવ બ્લાસ્ટ કેસ (૨૦૦૮)માં મુખ્ય આરોપીઓમાં પૂર્વ ભાજપ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર, લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોથે, નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાય, અજય રાહિરકર, સમીર કુલકર્ણી, સ્વામી દયાનંદ પાંડે અને સુધાકર ચતુર્વેદીનો સમાવેશ થાય છે. આ આરોપીઓ પર આરોપ હતો કે તેઓએ હિન્દુત્વ પ્રેરિત સંગઠનોના કાવતરાના ભાગરૂપે ધાર્મિક ઉન્માદ ફેલાવવા માટે બોમ્બ વિસ્ફોટનો પ્લાન બનાવ્યો, આતંકી પ્રવૃત્તિઓ, હત્યા અને ષડયંત્રનો આરોપ મૂકાયો. ફરિયાદ મુજબ, સાધ્વી પ્રજ્ઞા ઠાકુરની મોટરસાયકલ બ્લાસ્ટમાં ઉપયોગમાં લેવાઈ હોવાનું કહેવામાં આવ્યું હતું, પણ કોર્ટમાં સાબિત થયું નહીં કે તે તેમના કબજામાં હતી અથવા બોમ્બ તેમાં મૂક્યો હતો. કર્નલ પુરોહિત પર આરોપ હતો કે તેમણે બોમ્બ બનાવ્યો અને સપ્લાય કર્યો, પણ એના કોઈ નક્કર પુરાવા કોર્ટને રજૂ થઈ શક્યા નહી. અન્ય આરોપીઓ ઉપર પણ કાવતરું કરી ભારતમાં આંતરિક અશાંતિ ફેલાવવાનો આરોપ મૂકાયો, પણ તેમની વિરુદ્ધ પુરાવા ગ્રાહ્ય ગણાયા નહોતા. ૧૭ વર્ષ સુધી કેસ ચાલ્યો અને આખરે મુખ્ય ૭ આરોપીઓને પુરાવાના અભાવને કારણે સંપૂર્ણ નિર્દોષ જાહેર કરી દેવાયાં. તપાસ એજન્સીઓ મુજબ કેસમાં કુલ ૩૨૩ સાક્ષીઓના નિવેદન નોંધાયા, પણ ૩૨ સાક્ષીઓએ નિવેદન બદલી દીધું, તેમજ સાબિતી નહોતી. પુરાવા દૂષિત થયા હોવા ઉપરાંત આ મુદ્દે કોર્ટમાં આરોપ સિદ્ધ થયા નહીં. બાઈક કોણે પાર્ક કરી તેનો પુરાવો મળ્યો નહીં; કર્નલ પુરોહિતે બોમ્બ બનાવતા/લાવતા એનો પણ પુરાવો નહીં. આરોપીઓ સામે ગુનાઓ જેવા કે આતંકવાદ, હત્યા, કાવતરું, ધર્મનિર્વેશ ફેલાવવા વિગેરે અલગ-અલગ આરોપો લગાવાયા, પણ તમામ આરોપ કોર્ટમાં પુરવાર થઈ શક્યા નહીં આથી. તમામ આરોપીને NIA કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. જેમાં સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર, લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિત સહિત કુલ ૭ લોકોને મુખ્ય આરોપી બનાવવામાં આવ્યા હતા. આ આરોપીઓ હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા હોવાથી, આ કેસને "ભગવા આતંકવાદ" (Saffron Terrroism) તરીકે પણ ઓળખવામાં આવ્યો, જેણે દેશભરમાં ભારે વિવાદ સર્જ્યો. ત્યારબાદ ૨૦૧૧માં આ કેસની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) ને સોંપવામાં આવી, જેણે પણ કેટલાક આરોપીઓ સામેના આરોપોને યથાવત રાખ્યા. કાનૂની કાર્યવાહી લગભગ ૧૭ વર્ષ સુધી ચાલી અને આ લાંબી કાનૂની લડાઈનો અંત ૩૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ આવ્યો, જ્યારે મુંબઈની વિશેષ NIA કોર્ટે આ કેસનો ચુકાદો આપ્યો અને તમામ ૭ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું કે ફરિયાદી પક્ષ (પ્રોસિક્યુશન) આરોપીઓ સામે નક્કર અને સ્પષ્ટ પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે. કોર્ટે ખાસ કરીને નોંધ્યું હતું કે વિસ્ફોટમાં ઉપયોગમાં લેવાયેલી મોટરસાયકલ ખરેખર સાધ્વી પ્રજ્ઞાની હતી તે સાબિત થઈ શક્યું નહીં કારણ કે તેના ચેસિસ નંબર સાથે છેડછાડ કરવામાં આવી હતી.

# માથાના દુઃખાવા રૂપ બનેલા પ્લાસ્ટિકના રિસાયકલ માટે બેંગ્લોરમાં સો મિલિયન ડોલરનું ઇન્વેસ્ટમેન્ટ



પ્રાસંગિક

સુરેશ દેસાઈ

રિસાયકલ એટલે કોઈપણ વસ્તુને કે જે નકામી છે તેને ફરી વખત ઉપયોગમાં લેવા માટે તેમાં જે સુધારા વધારા કરવામાં આવે તેને તે વસ્તુનું રિસાયક્લિંગ કહેવામાં આવે છે. આવું રિસાયકલિંગ પ્લાસ્ટિકનું થઈ શકે છે. લોખંડ અને સ્ટીલ પણ રિસાયકલ થઈ શકે છે. લાકડાના તૂટેલા ફર્નિચરને ક્રશ કરીને તેના વહેર એટલે કે ભૂકાને પ્રેસ કરીને તેમાંથી નવા લાકડાનું સર્જન થઈ શકે છે આને રિસાયકલ કહેવામાં આવે છે. રિયુઝ એટલે નકામી વસ્તુને થોડા ફેરફાર કરીને ફરી વખત વાપરવામાં આવે તો તેને રિયુઝ કહેવામાં આવે છે. પ્લાસ્ટિક રિસાયક્લિંગ માટે સૌથી પહેલા વપરાયેલ બોટલ, ડબ્બા જેવી પ્લાસ્ટિક વસ્તુઓ ભેગી કરવામાં આવે છે. ત્યારપછી, જુદી-જુદી જાતના પ્લાસ્ટિકને યોગ્ય રીતે છાંટવામાં આવે છે, જેમાં આવશ્યક છે કે ગંદકી, સ્ટીકર અને માટી જેવી અશુદ્ધિઓ ધોઈ કાઢવામાં આવે છે. પછી, પ્લાસ્ટિકને નાના ટુકડાઓમાં કાપીને તેને ગરમીના ઉપયોગથી ઓગાળવામાં આવે છે. આ ઓગળેલા પ્લાસ્ટિકમાંથી નવી ચીજવસ્તુઓ જેમ કે ચેર, બોટલ, ટેબલ અને અન્ય ઉપયોગી સામગ્રી તૈયાર થાય છે. પ્લાસ્ટિક રિસાયક્લિંગ માટે મુખ્યત્વે બે રીતો વપરાય છેઃ હીટ કમ્પ્રેશન પદ્ધતિ અને મોનોમર રિસાયક્લિંગ. હીટ કમ્પ્રેશન પદ્ધતિમાં જુદી-જુદી જાતના પ્લાસ્ટિકને ગરમ કરીને નવી વસ્તુ બનાવવામાં આવી શકે છે. જ્યારે મોનોમર રિસાયક્લિંગમાં ખાસ પ્રકારના પ્લાસ્ટિકને ફરીથી તેના મૂળ ઘટક ભાગોમાં ફેરવી, તેનો ફરી ઉપયોગ થાય છે. પ્લાસ્ટિક રિસાયક્લિંગમાં અનેક નવીન અને અનોખા આઈડિયા અજમાવવામાં આવી રહ્યા છે, જે પ્લાસ્ટિક કચરાને કિનારેથી બચાવીને ઉપયોગી ચીજવસ્તુઓ બનાવવા મદદરૂપ થાય છે. આજે કેટલાક શહેરોમાં ફેંકાઈ ગયેલા પ્લાસ્ટિકમાંથી રસ્તા બનાવવામાં આવે છે, જેને 'પ્લાસ્ટિક રોડ' કહેવામાં આવે છે. આવા રસ્તા વધુ મજબૂત તથા ટકાઉ હોય છે અને કચરો પણ ઓછો થાય છે. વપરાયેલ બોટલમાં પ્લાસ્ટિક કચરો ભરી, ઈકો-બ્રિક્સ જેવી ઈંટો પણ બનાવવામાં આવે છે, જેનાથી ઘરો, સ્કૂલ કે ફર્નિચર બનાવી શકાય છે. ભાવનગરમાં પીવાના પાણીની પ્લાસ્ટિકની બોટલો ભેગી કરીને તેમાંથી એક આખો ગાર્ડન તૈયાર કરવામાં આવ્યો છે. આ બોટલમાં માટી ભરીને દીવાલો બનાવવામાં આવે છે. ઝાડના ઓટલા બનાવવામાં આવે છે આ ઉપરાંત તેના અનેકવિધ ઉપયોગો આ ગાર્ડનમાં ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશને કરેલા છે. પ્લાસ્ટિકની બોટલનો આ સદ્‌ઉપયોગ રાષ્ટ્ર લેવલે પ્રશંસનીય બન્યો છે. આ ઉપરાંત, 3D પ્રિન્ટિંગ ટેકનીકથી પ્લાસ્ટિક કચરાને પિગાળી તેના સુંદર ફર્નિચર, ચેયર્સ, બેન્ચ વગેરે પણ બનાવાય છે. વૈજ્ઞાનિકોએ એન્ઝાઈમની મદદથી પ્લાસ્ટિક તોડી તેને તેના મૂળ ઘટકોમાં ફરી ફેરવી, નવી પ્લાસ્ટિક વસ્તુઓ બનાવવા પણ માર્ગ શોધ્યો છે. કેટલીક વિશિષ્ઠ પદ્ધતિઓ-જેમ કે ગેસીફિકેશન અને પાયરોલિસીસ-ની મદદથી રિસાયકલ ન થતી પ્રક્રિયામાં પ્લાસ્ટિકને ગરમ કરીને તેનો ઉપયોગ ઈંધણ અથવા વીજળી બનાવવા થઈ શકે છે. મતલબ કે મુક્ત પ્લાસ્ટિક રિસાયકલ થઈ શકતા નથી તો તેને બાળીને તેની ગરમીથી વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. ખાસ દ્રવ્યોનો ઉપયોગ કરીને પ્લાસ્ટિકમાંથી દૂષિત વસ્તુ દૂર કરી તેને વધુ શુદ્ધ બનાવવામાં આવે છે, જેથી તેનો ઉપયોગ ફરી ખાદ્ય પેકિંગમાં થઈ શકે છે. આ રીતે, નવી વિચારધારા અને ટેક્નોલોજીથી આજના યુગમાં પ્લાસ્ટિક રિસાયક્લિંગ વધુ અસરકારક, પર્યાવરણ માટે સુરક્ષિત અને સામાન્ય જનતાને સાચી રીતે સમજાય તેવું બની રહ્યું છે. પ્લાસ્ટિક રિસાયક્લિંગથી પર્યાવરણ બચાવવામાં ખૂબ મદદ થાય છે. ઉપરાંત કુદરતી સંસાધનો—જેમ કે તેલ અને પાણીની બચત થાય છે, ઊર્જાની ખપત ઘટે છે અને નવી રોજગારીની તકો ઊભી થાય છે. છતાં, બધા પ્રકારના પ્લાસ્ટિકને રિસાયકલ કરી શકાય એવી શક્યતા નથી, એટલે યોગ્ય રીતે છાંટણી અને વ્યવસ્થાપન જરૂરી છે. નાનકડા રિસાયક્લિંગ વર્કરો અને લોકોનો પણ આપણને આ કાર્યમાં સહકાર મળે છે. આ રીતે, પ્લાસ્ટિક રિસાયક્લિંગ એ પર્યાવરણને સુરક્ષિત બનાવવા અને ભવિષ્યની પેઢી માટે વધુ સ્વચ્છ અને સલામત દુનિયા બનાવવાના માર્ગે મહત્વપૂર્ણ કાર્ય છે. વિશ્વના તમામ દેશો માટે ગ્લોબલ વોર્મિંગ પેચીદો પ્રશ્ન બની ચૂક્યો છે ત્યારે સૌથી વધુ સમસ્યા પ્લાસ્ટિકના રિસાયકલ તરફ આવી રહી છે. વૈશ્વિક સ્તરે પ્લાસ્ટિકનો વપરાશ ઝડપભેર વધી રહ્યો છે પરંતુ તેના રિસાયકલ મુદ્દે હજુ પા..પા પગલી ભરી રહ્યાં છે. વૈશ્વિક ૪૨૫-૪૫૦ મિલિયન ટન વાર્ષિક પ્લાસ્ટિકના વપરાશ સામે વિકસીત દેશોમાં રિસાયકલનો હિસ્સો ૮-૧૦શ્‌ ટકા સુધી પહોંચ્યો છે જ્યારે ભારતમાં ૨૩-૨૫ મિલિયન ટનના વપરાશ સામે હજુ માત્ર ૨.૫-૩ ટકા જ રિસાયકલ થઈ રહ્યું છે. આ સેક્ટરમાં સેબિક ટેક્નોલોજી રિસાયકલ સાથે ઈનોવેટીવ પ્રોડક્ટ તરફનું વિઝન વૈશ્વિક સ્કેલેબલ ધરાવતી રિસર્ચ, ટેક્નોલોજી અને ઈનોવેટીવ બાબતમાં બેંગ્લોર ખાતે પ્લાસ્ટિક રિસાયકલિંગના સંશોધન માટે મેગા પ્રોજેક્ટ તૈયાર થઈ રહ્યા છે. વૈશ્વિક સ્કેલેબલ ધરાવતી રિસર્ચ, ટેક્નોલોજી અને ઈનોવેશન માટે બેંગ્લોરમાં સેબિક ૪૬ એકરમાં ઉપસ્થિતી ધરાવે છે. કંપનીએ ૧૦૦ મિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. કંપની પ્લાસ્ટિકમાંથી ક્રૂડઓઈલ બનાવવા જેવી અનેક રિસાયકલ પ્રોડક્ટ પોર્ટફોલિયો ધરાવે છે. ગાડીનું વજન ઘટાડી ઈંધણ બચત માટે સેબિકનું ઈનોવેશન ઓટોમોબાઈલમાં સતત ઈનોવેશન થઈ રહ્યાં છે ત્યારે સૌથી મોટો પ્રશ્ન ઈંધણ બચતનો છે ત્યારે સેબિક દ્વારા ગાડીના વજનમાં ઘટાડો કરી ઈંધણ તથા ઈવીમાં રેન્જને વેગ આપ્યો છે. વાહનના વજનમાં ૧૦ ટકાનો કાપ ૮ ટકા ફ્યુઅલ ઈકોનોમી વધારે છે. ગાડીમાં વપરાતા લોંખડ-સ્ટિલના બદલે પ્લાસ્ટિક્સના પાર્ટ્સનો વપરાશ કરી અનેક ઓટો કંપનીઓ સાથે જોડાણ દ્વારા માર્કેટમાં પ્રોડક્ટ રજૂ કરી પ્રોડક્ટમાં ઝડપભેર આગળ વધી રહી છે. કંપનીના અધિકારીએ જણાવ્યું કે સરકારનું વિઝન ૨૦૭૦ સુધીમાં ઝીરો કાર્બન ફુટપ્રિન્ટનું છે તેને ધ્યાનમાં રાખીને આ સેગમેન્ટમાં અઢળક તક રહેલી છે. આ કંપની બેંગ્લોરમાં તેના ટેક્નોલોજી સેન્ટર સાથે આરએન્ડડી દ્વારા વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક સોલ્યુશન્સ પૂરા પાડે છે. આ ઉપરાંત હાઈ-પર્ફોર્મન્સ મેટીરિયલ્સનું રિસાયકલ કેવી રીતે કરવું તેની ટેકનોલોજી પણ પૂરી પાડે છે. આમાં પણ નવા નવા સંશોધનો આ કંપની દ્વારા થઈ રહ્યા છે.

**પ્લાસ્ટિક રિસાયક્લિંગ એ એવી પ્રક્રિયા છે જેમાં વપરાયેલી અને ફેંકાઈ ગયેલી પ્લાસ્ટિક ચીજવસ્તુઓને ભેગી કરી નવા ઉપયોગ માટે તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાના કારણે જૂના પ્લાસ્ટિકમાંથી ફરીથી નવી વસ્તુઓ બનાવવામાં આવે છે, જેથી કચરો ઘટે છે, પર્યાવરણ સુરક્ષીત રહે છે અને કુદરતી સંસાધનોનું સંરક્ષણ થાય છે.**

## શબ્દ સંજોગ-૨૦૪૬



**આડી ચાવી :**
(૧) જય .... (૪)
(૪) શરાફ, નાણાવટી (૪)
(૭) દોરો વીટેલી ગરગડી કે ભૂંગળી (૨)
(૮) કોમળ ને મધુર (૩)
(૯) ડાંગરની ધાણી (૨)
(૧૦) માસીનું કે માસી તરફનું (૪)
(૧૧) નરવાપણું, નીરોગિતા (૪)
(૧૩) રાડ, બૂમ (૨)
(૧૫) હુન્નર, કસબ (૨)
(૧૬) એક મૂળધાતુ (૫)
(૧૯) જૂસ્સો, ઊભરો (૩)
(૨૦) ત્રણ કલાક, પહોર (૨)
(૨૧) રેતી અને ખારવાળી માટી ઓગાળીને બનાવાતો પદાર્થ (૨)
(૨૨) મજનૂની પ્રેયસી (૩)
(૨૪) એક ઋષિ (૩)
(૨૫) આનંદ, લહેર (૨)
(૨૭) સુંદર સ્ત્રી (૨)
(૨૮) ઈંદ્રિયદમન, તપસ્યા (૨)
(૨૯) નીચ, હીણું (૪)

**ઉભી ચાવી :**
(૧) ભારે ચેપી રોગ (૪)
(૨) એક પંખી (૪)
(૩) એક અનાજ (૩)
(૪) વિનીત, નમ્ર (૩)
(૫) કરગરવું તે, આજીજી (૪)
(૬) થોડા રૂની ઓઢવાની એક પ્રકારની ગોદડી (૩)
(૧૨) મોટી સંખ્યામાં નાણું (૩)
(૧૪) એક છંદ (૪)
(૧૬) કોમળ, મૃદુલ (૩)
(૧૭) નિગ્રહ, સંયમ (૨)
(૧૮) કચકચ કરવી તે (૫)
(૧૯) નિશાની, ઓળખાણ (૪)
(૨૧) શરમ, સંકોચ (૨)
(૨૩) પ્રાચીન યુનાન દેશનો રહેવાસી (૩)
(૨૪) હિસાબ, ગણતરી (૩)
(૨૬) જપ (૨)
(૨૭) રાત્રિ, નિશા (૨)

## શબ્દ સંજોગ-૨૦૪૫ જવાબ

**આડી ચાવી :** (૧) શાહેદ (૪) તરકટ (૮) મતલબ (૧૦) તમસ (૧૧) હાથેવાળો (૧૪) પાનું (૧૫) લક (૧૬) પાઈ (૧૮) ડોટી (૨૦) નર (૨૧) તરવાડી (૨૩) ખસખસ (૨૫) રફત (૨૬) કળતર (૨૭) વીર (૨૯) પરહ (૩૦) જય જવાન.

**ઉભી ચાવી :** (૧) શામ (૨) હેતકનું (૩) દલ (૫) રતવા (૬) કમળો (૭) ટસ (૯) બહાલ (૧૨) થેકડો (૧૩) વાઈરસ (૧૪) પાનેતર (૧૬) પાનખર (૧૭) દવાત (૧૯) ટીખળ (૨૨) રફતાર (૨૪) સતલજ (૨૬) કરજ (૨૮) વાન.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૭૪૨ |
| જુવાર પીળી | ૪૧૩ | ૪૩૫ |
| બાજરી | ૩૫૦ | ૪૯૦ |
| તુવેર | ૧૦૧૦ | ૧૩૨૫ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૨૨૫ | ૨૨૧૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૯૬ |
| મગ | ૧૨૫૦ | ૧૬૪૦ |
| વાલ દેશી | ૬૦૦ | ૧૧૬૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૪૩૫ |
| મઠ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૮૫૧ | ૨૭૦૦ |
| કળથી | ૫૪૦ | ૭૭૫ |
| રાજમા | ૫૦૦ | ૯૬૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૨૪ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૯૧૫ | ૧૧૫૦ |
| તલી | ૧૪૦૦ | ૨૦૮૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૯૪ |
| અજમો | ૧૧૦૦ | ૧૨૯૨ |
| સુવા | ૧૧૦૦ | ૧૨૫૫ |
| સોયાબીન | ૮૧૦ | ૮૯૮ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૨૯૫૦ | ૪૦૫૧ |
| લસણ | ૪૧૫ | ૮૦૯ |
| ધાણા | ૧૧૮૦ | ૧૪૪૮ |
| ધાણી | ૧૨૧૦ | ૧૫૧૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૨૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૬૦૪ |
| રાય | ૧૨૮૦ | ૧૫૨૫ |
| મેથી | ૮૪૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૮૦૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૨૦૦૦ | ૪૧૫૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૪૪૦૦ | ૫૮૦૦ |
| ગુવારનું બી | ૯૪૦ | ૯૯૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૯૦ | ૫૧૦ |
| પપૈયા | ૧૪૦ | ૨૪૦ |
| બટેટા | ૨૫૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૫ |
| ટમેટા | ૫૭૦ | ૧૦૬૦ |
| સુરણ | ૮૮૦ | ૧૩૯૦ |
| કોથમરી | ૧૯૦ | ૪૧૦ |
| મુળા | ૧૯૦ | ૩૫૦ |
| રીંગણા | ૯૦ | ૨૫૦ |
| કોબીજ | ૧૫૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૪૦ | ૫૯૦ |
| ભીંડો | ૪૯૦ | ૭૧૦ |
| ગુવાર | ૯૯૦ | ૧૪૯૦ |
| ચોળાસીંગ | ૨૯૦ | ૬૧૦ |
| વાલોળ | ૭૯૦ | ૧૨૧૦ |
| ટીંડોરા | ૩૮૦ | ૮૯૦ |
| દુધી | ૧૩૦ | ૨૩૦ |
| કારેલા | ૧૧૦ | ૨૫૦ |
| સરગવો | ૨૪૦ | ૧૨૬૦ |
| તુરીયા | ૨૯૦ | ૫૧૦ |
| પરવર | ૭૯૦ | ૧૨૧૦ |
| કાકડી | ૧૧૦ | ૪૧૦ |
| ગાજર | ૧૯૦ | ૩૬૦ |
| કંટોળા | ૧૧૯૦ | ૧૬૧૦ |
| ગલકા | ૧૯૦ | ૩૧૦ |
| બીટ | ૨૪૦ | ૫૪૦ |
| મેથી | ૭૯૦ | ૧૨૧૦ |
| વાલ | ૧૦૫૦ | ૧૪૧૦ |
| ડુંગળી લીલી | ૧૯૦ | ૪૧૦ |
| આદુ | ૪૯૦ | ૯૬૦ |
| મરચા લીલા | ૨૯૦ | ૪૬૦ |
| મગફળી લીલી | ૫૯૦ | ૯૧૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૩૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૯૬૧ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૮ |
| મગફળી જીણી | ૭૦૬ | ૧૦૧૧ |
| સિંગદાણા જાડા | ૧૧૫૦ | ૧૪૪૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૮૫૧ | ૧૩૦૬ |
| તલ લાલ | ૨૨૬૧ | ૨૨૬૧ |
| જીરૂ | ૨૭૦૧ | ૩૯૩૧ |
| ક્લંજી | ૯૦૧ | ૩૯૮૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૦૧ |
| લસણ સુકું | ૫૦૧ | ૧૦૦૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૬૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૯૧ |
| રાયડો | ૯૫૧ | ૧૨૫૧ |
| રાય | ૧૨૦૧ | ૧૩૦૧ |
| મેથી | ૬૬૧ | ૧૦૦૧ |
| સુવાદાણા | ૯૩૧ | ૯૩૧ |
| કાંગ | ૨૫૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૨૧ | ૧૨૨૬ |
| સફેદ ચણા | ૧૧૮૧ | ૨૧૨૧ |
| મગફળી નવી | ૫૨૫ | ૧૦૭૧ |
| તલ - તલી | ૧૦૦૧ | ૨૦૪૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૧૪૬ |
| બાજરો | ૨૫૧ | ૪૫૧ |
| જુવાર | ૫૦૧ | ૬૯૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૧૧ |
| મગ | ૧૦૨૬ | ૧૬૬૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૯૧ |
| વાલ | ૩૫૧ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૨૧૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૮૧ |
| ગોગળી | ૬૭૬ | ૧૦૨૧ |
| વટાણા | ૧૦૩૧ | ૨૫૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૬૦ | ૪૦૦ |
| ગાજર | ૪૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૮૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૧૫ |
| મૂળા પુરા | ૪ | ૧૨ |
| ફોદીનો પુરા | ૪ | ૧૦ |
| ચૂણ | ૧૩૮૦ | ૧૬૦૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૪૪૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૧૪૦ | ૬૦૦ |
| લીંબુ | ૮૦ | ૪૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૩૮૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| જામફળ | ૬૦૦ | ૧૦૦૦ |
| દાડમ | ૪૦૦ | ૧૮૦૦ |
| સફરજન | ૮૦૦ | ૨૪૦૦ |
| ચીકુ | ૪૦૦ | ૭૦૦ |
| કેળા | ૪૨૦ | ૫૬૦ |
| સંતરા | ૨૪૦૦ | ૨૭૦૦ |
| કમલમ | ૮૦૦ | ૨૦૦૦ |
| ગુલાબ | ૫૦૦ | ૧૬૦૦ |
| દશેરી કેરી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મોસંબી | ૪૦૦ | ૬૦૦ |
| દ્રાક્ષ | ૬૦૦૦ | ૬૮૦૦ |
| નાશપતી | ૩૦૦ | ૮૦૦ |
| આલુચા | ૫૦૦ | ૧૬૦૦ |
| ખારેક | ૫૦૦ | ૧૫૦૦ |
| નીલમ કેરી | ૪૦૦ | ૬૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૨૬ |
| શિંગ મોટી | ૧૦૦૪ | ૧૦૬૩ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૪૨૬ |
| શિંગ ફાડા | ૧૦૫૨ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૦૭૦ | ૨૩૫૧ |
| તલ કાળા | ૨૨૭૫ | ૪૦૭૦ |
| તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૩૦૨ |
| બાજરો | ૨૯૨ | ૩૦૩ |
| ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૬૮ |
| ઘઉં લોકવન | ૫૨૧ | ૫૮૧ |
| મગ | ૧૨૯૫ | ૧૫૪૫ |
| ચણા | ૯૪૦ | ૧૨૧૪ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૨૩૯ |
| તુવેર | ૧૦૩૫ | ૧૨૫૦ |
| કપાસ | ૯૪૨ | ૧૭૦૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૩૩૯૦ | ૩૬૦૫ |
| ધાણી | ૧૧૦૦ | ૧૪૨૩ |
| મેથી | ૭૦૦ | ૭૫૦ |
| સોયાબીન | ૫૪૦ | ૮૪૯ |
| કાંગ | ૨૬૦ | ૫૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૨૪૦ | ૩૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| વટાણાં | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૭૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| શીંગ ઓળા | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૨૫૦ |
| લસણ સુકુ | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૮૨ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૩ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૫૧ |
| તલ કાળા | ૩૬૦૦ | ૪૧૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૬૭૨ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૦ |
| બાજરો | ૩૫૦ | ૬૮૧ |
| જુવાર | ૫૦૦ | ૭૬૮ |
| મગ | ૧૨૦૦ | ૧૪૮૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૫૩ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૭૫ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૮૬ |
| સોયાબીન | ૭૩૦ | ૮૮૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૮૦ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૮૬ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૬૯૦ |
| બાજરો | ૩૬૫ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૯૫ |
| જુવાર | ૫૭૫ | ૮૨૩ |
| મગ | ૧૫૫૬ | ૧૫૫૬ |
| અડદ | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ચણા | ૧૦૬૦ | ૧૨૪૧ |
| કાંગ | ૮૦૦ | ૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૩૦ | ૧૬૩૫ |
| કપાસ મીડીયમ | ૧૩૯૫ | ૧૫૧૦ |
| મગફળી | ૯૯૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૨૯૩૫ | ૩૫૩૫ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૦૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ચણા | ૯૭૫ | ૧૦૮૦ |
| **ધારી** | | |
| મગફળી | ૮૦૦ | ૮૯૧ |
| ચણા | ૧૧૭૦ | ૧૧૮૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૮૫૦ |
| તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૦૦૦ |
| મગ | ૧૨૨૫ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૦૧ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૦૧ |
| ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૯૪૦ | ૧૬૫૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૩૨ |
| ધાણા | ૯૩૦ | ૧૩૦૫ |
| શીંગ દાણા | ૧૩૫૧ | ૧૪૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી ૨૦ | ૯૨૫ | ૧૧૨૧ |
| મગફળી ૩૨ નં. | ૯૦૦ | ૧૦૪૪ |
| બાજરી હાઈબ્રીડ | ૩૬૦ | ૫૨૭ |
| ઘઉં | ૪૫૦ | ૫૬૦ |
| રાઈ | ૧૨૦૦ | ૧૩૯૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૨૩૦ |
| જુવાર | ૫૨૫ | ૭૮૦ |
| ચોળી | ૭૫૦ | ૧૩૯૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૧૯ |
| મગ | ૧૨૫૧ | ૧૭૨૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૩૪ |
| સફેદ તલ | ૧૩૫૦ | ૧૮૫૮ |
| કાળા તલ | ૨૨૦૦ | ૪૦૯૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૯ |
| સીંગદાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| કાંગ | ૪૦૦ | ૫૩૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૬૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૧ |
| અડદ | ૮૦૦ | ૧૩૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૫ |
| મગફળી | ૭૦૦ | ૧૦૨૧ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| મેથી | ૬૦૦ | ૯૧૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૬૫૫ | ૭૩૦ |
| બાજરો | ૩૪૦ | ૪૯૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૪૨ |
| મગ | ૧૨૧૦ | ૧૬૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૬૫ |
| ચોળી | ૫૦૦ | ૮૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૨૮ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૨૧૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૦૩૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૫૫ |
| તલ | ૧૫૫૦ | ૧૯૫૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૫૨ |
| રાઈ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| લસણ | ૪૫૦ | ૯૫૦ |
| કપાસ | ૬૫૦ | ૧૫૭૫ |
| જીરૂ | ૨૦૯૫ | ૩૬૧૦ |
| અજમો | ૮૧૦ | ૨૫૪૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૩૫ |
| ધાણી | ૧૧૦૦ | ૧૪૫૫ |
| ગુવાર | ૮૭૫ | ૯૪૦ |
| ડુંગળી સૂકી | ૨૫૦ | ૨૯૫ |
| વટાણા | ૧૨૦૦ | ૨૩૬૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૩૭૫ | ૬૪૧ |
| બાજરી | ૩૭૧ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૮૩ |
| મકાઈ | ૪૧૦ | ૪૫૦ |
| અડદ | ૧૧૦૧ | ૧૨૬૨ |
| મગ | ૮૦૦ | ૧૪૮૦ |
| સોયાબીન | ૭૯૨ | ૮૩૭ |
| મેથી | ૭૫૧ | ૯૦૦ |
| ચણા | ૯૭૦ | ૧૧૮૯ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૯૭૫ |
| તલ કાળા | ૨૩૫૫ | ૩૮૩૩ |
| તુવેર | ૯૪૫ | ૧૦૬૬ |
| જીરૂ | ૯૨૦ | ૯૨૦ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૧૭ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૨૩૪ |
| કપાસ શંકર | ૧૪૪૭ | ૧૪૪૭ |
| નાળીયેર | ૮૦૨ | ૩૫૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**મેજર ઋષિકેશ રામાણી મેમોરિયલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા**

# ધો. ૫થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રતિભા ટેલેન્ટ હન્ટ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરાયું

અમરેલી તા.૦૧



અમદાવાદ ખાતે મેજર ઋષિકેશ રામાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ધો. ૫થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પ્રતિભા ટેલેન્ટ હન્ટ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ કુશાભાઉ ઠાકરે હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સન્માનિત કરી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના ચેરમેન સુજયભાઈ મહેતા, વિપુલભાઈ સેવક, ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી વલ્લભભાઈ રામાણી તમામ ટ્રસ્ટીગણો, અધિકારીઓ, શિક્ષકો અને વાલીઓ સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કિસાન સન્માન નીધિ યોજનાનો ૨૦મો હપ્તો આજે રિલીઝ : રાજ્યના ૫૨.૧૬ લાખ ખેડૂતોને લાભ મળશે

ગાંધીનગર,તા.૦૧



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આજે રાષ્ટ્રીય કક્ષાનો "પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ" કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને સંબોધન કરશે તેમજ ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ આજરોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો "પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ" કાર્યક્રમ યોજાશે. જ્યારે, કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે જિલ્લા કક્ષાનો સમારોહ યોજાશે. રાજ્ય અને જિલ્લા કક્ષાના સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખેડૂતોને લાઈવ ટેલીકાસ્ટના માધ્યમથી વર્ચ્યુઅલ સંબોધન કરશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે PM KISAN યોજનાના ૨૦મા હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૨૦,૫૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૫૨.૧૬ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૧૧૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

# ઉના પંથકમાં ખનીજ ચોરી કરતા ત્રણ ટેક્ટરોને ઝડપી લેવામાં આવ્યા

ઉના,તા.૦૧



ઉના તાલુકાના પસવાળા, નવાબંદર અને કાળાપાણ ગામમાં ખાણ-ખનીજ વિભાગે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન બિનઅધિકૃત રીતે ખનીજનું વહન કરતા ૬ ટ્રેક્ટરચાલકોને પકડી પાડવામાં આવ્યા હતા. આ વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરીને રૂ. ૨.૭૮ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની સૂચનાઓ અનુસાર ભૂસ્તરશાસ્ત્રી વિભાગના અધિકારીઓએ અલગ-અલગ ટીમો બનાવી ઉના તાલુકાના ત્રણેય વિસ્તારોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન બિનઅધિકૃત રીતે ખનીજનું વહન કરતા ટ્રેક્ટરચાલકોને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા.

# રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને ત્રણ એવોર્ડ મળશે

ગાંધીનગર,તા.૦૧



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. આવતીકાલે ૩ ઓગષ્ટ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય અંગદાન દિવસ ઉજવાય છે. જેના ભાગરૂપે નવી દિલ્હી ખાતે આજે ૨ ઓગષ્ટે ૧૫મા રાષ્ટ્રીય અંગદાન દિવસની ઉજવણીના ભાગરૂપે અંગદાન ક્ષેત્રે થતી કામગીરીને બિરદાવવામાં આવશે. જેમાં ગુજરાતમાં થઇ રહેલ અંગદાન ક્ષેત્રની કામગીરી બદલ કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાના હસ્તે ત્રણ એવોર્ડ પ્રાપ્ત થશે. જેમાં ગુજરાત સરકારને "એક્સલન્સ ઈન પ્રમોશન ઓફ ઓર્ગન ડોનેશન", ન્યુ સુરત સિવિલ હોસ્પિટલને "બેસ્ટ નોન ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગન રીટ્રાઈવલ સેન્ટર", કિડની ઈન્સ્ટીટ્યુટને "ટ્રાન્સપ્લાન્ટ કરતી દેશની સર્વશ્રેષ્ઠ હોસ્પિટલ" કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત થશે. અંગદાનનું મહત્વ, તેની જન જાગૃતિ માટે ગુજરાત સરકાર, સેવાભાવી સંસ્થાઓ અને મીડિયાના સહયોગથી સમગ્ર રાજ્યમાં રાજ્ય સરકારે લીધેલા નોંધપાત્ર પ્રયાસો બિરદાવવા ગુજરાત રાજ્યને "Excellence in Pramotion of Organ Donation એનાયત કરવામાં આવશે. રાજ્યમાં બ્રેઈનડેડ અંગદાતાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

# ગાંધીનગરમાં "આરોગ્ય સમીક્ષા કેન્દ્ર"નો શુભારંભ કરવામાં આવ્યો

ગાંધીનગર,તા.૦૧




ગુજરાતના નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષા અને સુખાકારીને કેન્દ્રમાં રાખીને એક ક્રાંતિકારી પહેલના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે તાજેતરમાં જ ગાંધીનગર ખાતે "આરોગ્ય સમીક્ષા કેન્દ્ર"નો શુભારંભ કરાવ્યો હતો. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ કેન્દ્રમાં ઉપલબ્ધ અદ્યતન સુવિધા અને ૧૦૦ જેટલા કોલટેકર્સના માધ્યમથી આરોગ્ય વિભાગની તમામ સ્વાસ્થ્યલક્ષી સેવાઓની એક જ સ્થળેથી વ્યાપક સમીક્ષા થઈ રહી છે. ગત જુલાઈ-૨૦૨૫ દરમિયાન આ કેન્દ્ર દ્વારા કુલ ૩.૭૬ લાખથી વધુ કોલ્સ સ્વીકારવામાં કરવામાં આવ્યા હતા.

# ટીબીની હોસ્પિટલને રૂ. ૨ કરોડ ૮૫ હજારનું માતબર અનુદાન પ્રાપ્ત થયું

ભાવનગર, તા.૦૧



ભાવનગર જિલ્લાના ટીંબી ખાતે સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલનાં આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત એવા ગાંધીનગર સ્થિત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નિયુક્ત કરાયેલા વલ્લભભાઈ માણેકલાલ પટેલ (પ્રેસીડેન્ટ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય-ગાંધીનગર) દ્વારા ઈન્ડીયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન (IRFC) નવી દિલ્હી દ્વારા ગત વર્ષનાં CSR ફંડમાંથી રૂા. ૨,૦૦,૮૫,૦૯૯/- અંકે રૂપિયા બે કરોડ પંચાસી હજાર નવાણું પુરા જેવી માતબર રકમનું અનુદાન હોસ્પિટલનાં દર્દીઓનાં લાભાર્થે મંજૂર કરેલ છે. વલ્લભભાઈ આ કોર્પોરેશનનાં બોર્ડ ઓફ ડિરેક્ટરમાં CSR ફંડ કમિટીનાં સ્વતંત્ર ડિરેક્ટર છે. તેઓનાં અથાગ પ્રયત્નોથી આ અનુદાન પ્રાપ્ત થયું છે. આવા સહયોગ બદલ હોસ્પિટલના ટ્રસ્ટીમંડળે કોર્પોરેશનનો હૃદયપૂર્વકનો આભાર માનેલ છે. આ કાર્યમાં નિમિત્ત બની સંપૂર્ણ સહયોગ આપનાર વલ્લભભાઈ પટેલ (સરદાર)ને ગાંધીનગર ખાતે હોસ્પિટલના વહીવટકર્તા ટ્રસ્ટી બી.એલ. રાજપરા અને ટ્રસ્ટી-તુષારભાઈ વિરડીયા (CA) દ્વારા સદગુરૂદેવનાં 'જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ.

# શરીર એ કુદરતે આપેલી સંપત્તિ છે, તેનું જતન કરવું પરમ કર્તવ્ય છે: થર્સ ડે થોટ

સુરત, તા.૦૧



સુરતમાં ગુરુવારે ખાતે ૧૨૧ મા થર્સ-ડે થોટ કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, જીવનનો આધાર મન છે. પરંતુ જીવનનો સ્થૂળ આધાર શરીર છે. શરીરની મજબૂતાઈનો આધાર હાડકા છે. હાડકાના પ્રશ્નોથી પીડાતા દર્દીઓની સંખ્યા ખુબ મોટી છે. સારવાર કે દવા લઈને જીવતા દર્દી કરતા દવા નહી લઈ પીડા ભોગવતા દર્દીઓ વધુ છે. કુદરતે અદ્ભુત શરીર બનાવ્યું છે. તેને સમજવાની જરૂર છે. જીવનમાં સૌથી મહત્વનું શરીર છે. શરીર જીવવા માટેનું એકમાત્ર સાધન છે તેનું જતન કરવું ખૂબ જરૂરી છે. હાડકાના દુ:ખાવાથી અસંખ્ય લોકો પીડાતા હોય છે. જીવનશૈલી અને આહાર પણ હાડકાના દુ:ખાવાનું કારણ બને છે. કેલ્શિયમ અને વિટામિનની ઉણપ હાડકાને ઝડપી ઓગાળે છે ઘસારો લાગે છે. તેમણે જણાવ્યું હતું કે, કેલ્શિયમ હાડકાની મજબુતાઈ વધારે છે. તડકો અને અળસી જે રોજ ખાય તેના હાડકા વધુ મજબૂત થાય છે. શહેરના જાણીતા ઓર્થોપેડિક સર્જન અને આશુતોષ હોસ્પિટલના ડો. રાજીવ રાજ ચૌધરી અતિથિ વક્તા તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જવાહર નવોદય વિદ્યાલય ખાતે ધો. ૧૧ સાયન્સમાં પ્રવેશ શરૂ

અમરેલી,તા.૦૧

અમરેલીના ભંડારીયા પાસે આવેલી જવાહર નવોદય વિદ્યાલય ખાતે ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સીધા પ્રવેશથી ખાલ જગ્યા માટે મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે. જેમાં ઓનલાઈન અને ઓફલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી માન્યતા પ્રાપ્ત શાળાનો હોવો જોઈએ, ધો.૧૦માં ગણિત-વિજ્ઞાનના કુલ ૬૦% ગુણ ફરજિયાત છે. વિદ્યાર્થીનો જન્મ ૧-૬-૨૦૦૮થી ૩૧-૭-૨૦૧૦ વચ્ચે હોવો જોઈએ. સીબીએસઈ શાળાના વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. મેરીટમાં કોઈ ઉમેદવારોના ગણિત અને વિજ્ઞાનના એક સમાન ગુણ થતા હશે એવી સ્થિતિમાં એવરેજ ટકાવારી અને ત્યારબાદ અંગ્રેજી વિષયના ગુણને ધ્યાને લેવામાં આવશે. પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે પ્રવેશ નોંધણી ફોર્મ ઓનલાઈન અને ઓફલાઈન ઉપલબ્ધ રહેશે . ઉમેદવારો દ્વારા તા. ૧૦-૮-૨૫ સુધીમાં વિગત સાથે ભરેલું ફોર્મ જમા કરાવવાનું રહેશે. ઓફલાઈન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓએ જરૂરી દસ્તાવેજો સાથે જવાહર નવોદય વિદ્યાલય મોટા ભંડારીયા બાબાપુર અમરેલી ખાતે તા. ૧૦-૮-૨૫ સુધી સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધીમાં રૂબરૂ આવવાનું રહેશે.

# કોટડા પીઠા અને ઉંટવડ વચ્ચે આવેલ શીતળા માતાના મંદિરે શીતળા સાતમની આસ્થાભેર ઉજવણી

બાબરા, તા.૦૧



બાબરા તાલુકાના રાજકોટ-ભાવનગર રોડ પર કોટડા પીઠા અને ઉંટવડ ગામની વચ્ચે આવેલા શીતળા માતાજીના મંદિર ખાતે શીતળા સાતમની ઉજવણી આસ્થા અને ઉમંગ સાથે કરવામાં આવી હતી. આ પવિત્ર દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આસપાસના ગામો જેવા કે કોટડા પીઠા, ઉંટવડ અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો શીતળા માતાજીના મંદિરે ઉમટી પડ્યા હતા. ભક્તોએ માતાજીને કુલર, ચુંદડી અને શ્રીફળ અર્પણ કરી દર્શન કર્યા હતા.

# ધોરાજીના જેતપુર રોડ પર અજાણ્યા ડમ્પરે ટક્કર મારતા યુવાનનું કરૂણ મોત

ધોરાજી, તા.૦૧



ધોરાજીના જેતપુર રોડ પર નેશનલ હાઈવે નજીક આવેલી પનઘટ હોટલ પાસે એક યુવાનનું ગંભીર વાહન અકસ્માતમાં મોત થયું છે. મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશના લખનઉનો રહેવાસી ગોવિંદ ઈમાન થાપા (નિલમથા) નામનો ૨૦ વર્ષીય યુવાન પનઘટ હોટલમાં કામ કરતો હતો. શુક્રવારે સાંજે તે કામ પરથી નીકળી રહ્યો હતો ત્યારે એક અજાણ્યા ડમ્પરચાલકે તેને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં તેને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના બાદ ધોરાજી તાલુકા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. અજાણ્યા ડમ્પરચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૪૯ /૨૫ — તા.૧૨/૦૫/૨૦૨૫

વિવાદી :- શ્રી વિલાશબેન વાશિંગભાઈ ડેર,
ઠે.મુ.કરકોલીયા, તા.લાઠી, જી.અમરેલી
C/O અરજદારશ્રીના વિ.વ.શ્રી પી.એચ.જોષી
તાલુકા પંચાયત સામે, લાઠી, મો.૯૪૨૬૯૭૬૩૩૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કરકોલીયા, તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.કરકોલીયા ગામના રહિશ આ કામના અરજદારશ્રી વિલાશબેન વાશિંગભાઈ ડેરનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ના રોજ કરકોલીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦/૦૪/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

**એમ.સી.રાજયગુરૂ, તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટ**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૦૦/૨૫ — તા.૧૬/૦૭/૨૦૨૫**

વિવાદી :- શંભુભાઈ દયાળભાઈ લાઠીયા
ઠે.મોટા વરાછા, તા.જી.સુરત
અરજદારશ્રીના વિ.વ.શ્રી આર.સી.રાજયગુરૂ-એડવોકેટ

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી- વ- ચિફ ઓફિસરશ્રી
મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રી શંભુભાઈ દયાળભાઈ લાઠીયાનો જન્મ તા.૧૫/૦૮/૧૯૪૮ ના રોજ લાઠી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૮/૦૬/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૦૮/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# કોડીનાર નાગરિક સહકારી બેંકની ૭૪મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

કોડીનાર,તા.૦૧



કોડીનાર નાગરિક સહકારી બેંકની ૭૪મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં ચેરમેન ગિરીશભાઈ અધ્યારુના અધ્યક્ષ સ્થાને સફળતાપૂર્વક સંપન્ન થઈ. સભાની શરૂઆતમાં, દિવંગત ચેરમેન ચંદ્રકાંતભાઈ જાની, ડાયરેક્ટર અશોકભાઈ ગંગદેવ અને રમણીલાલ શાહ, કર્મચારી નિરૂપણ એન. શાહ અને સભાસદોના અવસાન અંગે શોક ઠરાવ વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ. ચેરમેન ગિરીશભાઈ અધ્યારુએ જણાવ્યું કે બેંકે રૂ.૧૦૦ કરોડથી વધુ થાપણો જાળવી રાખી સભાસદોનો વિશ્વાસ મજબૂત કર્યો છે. ડોળાસા ખાતે ત્રીજી શાખા શરૂ.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-: રૂબરૂ સુનાવણી નોટીસ :-**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૫૪/૨૦૨૫ — તા.૩૧/૦૭/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. લવજીભાઈ પ્રેમજીભાઈ સભાયા,
રહે. નેસડી, ખોડીયાર મંદીર, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા........ ૧. તલાટી કમ મંત્રીશ્રી અમૃતવેલ, તા.સાવરકુંડલા

**જન્મ -મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી લવજીભાઈ પ્રેમજીભાઈ સભાયાનો જન્મ તા.૨૪/૦૫/૧૯૬૨ ના રોજ મુ. અમૃતવેલ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૯/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજી કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# ઈડીએ રિલાયન્સ ગ્રૂપના વડા અનિલ અંબાણીને પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી.તા.૧



પ્રવર્તન નિર્દેશાલય (ઈડી) એ રિલાયન્સ ગ્રુપના વડા અનિલ અંબાણીને ૫ ઓગસ્ટે પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા છે. અનિલ અંબાણીને તેમની ગ્રુપ કંપનીઓ સામે કથિત લોન છેતરપિંડી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યા છે. સૂત્રોને ટાંકીને જણાવાયું છે કે ૬૬ વર્ષીય અનિલ અંબાણીને દિલ્હી સ્થિત ઈડી મુખ્યાલયમાં હાજર રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ કેસ અહીં પણ નોંધવામાં આવ્યો છે. એજન્સી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તેમનું નિવેદન રેકોર્ડ કરશે. ગયા અઠવાડિયે ફેડરલ એજન્સી દ્વારા તેમના બિઝનેસ ગ્રુપની ઘણી કંપનીઓ અને અધિકારીઓ પર દરોડા પાડવામાં આવ્યા બાદ સમન્સ જારી કરવામાં આવ્યું છે. ૨૪ જુલાઈથી શરૂ થયેલા દરોડા ત્રણ દિવસ સુધી ચાલ્યા હતા. આ કાર્યવાહી અનિલ અંબાણીની અનેક ગ્રુપ કંપનીઓ દ્વારા કથિત નાણાકીય અનિયમિતતાઓ અને રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધુના સામૂહિક લોન ડાયવર્ઝન સાથે સંબંધિત છે. ઈડીની કાર્યવાહીના ભાગ રૂપે મુંબઈમાં ૩૫ થી વધુ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ જગ્યાઓ ૫૦ કંપનીઓ અને ૨૫ લોકોની હતી, જેમાં અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓના ઘણા અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. ઈડીના સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસ મુખ્યત્વે યસ બેંક દ્વારા ૨૦૧૭-૨૦૧૯ દરમિયાન અંબાણી ગ્રુપ કંપનીઓને આપવામાં આવેલા લગભગ રૂ. ૩,૦૦૦ કરોડના ગેરકાયદેસર લોન ડાયવર્ઝનના આરોપો સાથે સંબંધિત છે.

# રોજ ધમકીઓ મળી રહી છે, પરંતુ નિષ્પક્ષ રીતે કામ કરવાનું ચાલુ રાખશે : રાહુલ ગાંધીને ચૂંટણી પંચનો જવાબ

નવીદિલ્હી,તા.૧




ચૂંટણી પંચે રાહુલ ગાંધીના આરોપોને પાયાવિહોણા ગણાવતા નિષ્પક્ષ રીતે કામ કરવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ગોટાળાનો આરોપ લગાવ્યો હતો. આ સાથે, તેમણે ધમકીભર્યા સ્વરમાં કહ્યું હતું કે તેમાં સામેલ અધિકારીઓને બક્ષવામાં આવશે નહીં. નિવૃત્તિ પછી પણ તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. આવી સ્થિતિમાં, ચૂંટણી પંચે તેના કર્મચારીઓને પાયાવિહોણા આરોપો પર ધ્યાન ન આપવા કહ્યું છે. ચૂંટણી પંચે કહ્યું કે ચૂંટણી પંચ દરરોજ કરવામાં આવતા આવા પાયાવિહોણા આરોપોને અવગણે છે અને દરરોજ આપવામાં આવતી ધમકીઓ છતાં, તે ન્યાયી અને પારદર્શક રીતે કામ કરતા તમામ ચૂંટણી કાર્યકરોને આવા બેજવાબદાર નિવેદનો પર ધ્યાન ન આપવા વિનંતી કરે છે. વિપક્ષી નેતાઓએ વિશેષ સઘન સુધારા પર પ્રશ્નો ઉઠાવ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે આ દ્વારા મતદારોના મતદાન અધિકાર છીનવી લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે તેનો હેતુ મતદાર યાદીમાં બધા લોકોને સામેલ કરવાનો છે. ચૂંટણી પંચે ડ્રાફ્ટ મતદાર યાદી પણ બહાર પાડી છે.

# સ્વતંત્રતા દિવસ પર પીએમ મોદીએ લાલ કિલ્લા પરના તેમના ભાષણ માટે જનતા પાસે મંતવ્યો માગ્યા

નવીદિલ્હી,તા.૦૧

ભારત દર વર્ષે ૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસ ઉજવે છે. આ વર્ષે દેશ તેના ૭૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. દેશના વિવિધ ભાગોમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સ્વતંત્રતા દિવસ પર આખો દેશ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે તે છે લાલ કિલ્લા પર વડાપ્રધાનનું ભાષણ. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત ૧૨મી વખત લાલ કિલ્લાની પ્રાચીર પરથી દેશને સંબોધિત કરવાના છે. પીએમ મોદીએ હવે આ ભાષણ અથવા સંબોધન માટે જનતા પાસેથી ખાસ મદદ માંગી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક પોસ્ટ કરી છે. આ પોસ્ટમાં, તેમણે સ્વતંત્રતા દિવસના ભાષણ માટે જનતા પાસેથી તેમના મંતવ્યો માંગ્યા છે.

**મોટી સંખ્યામાં શહેરીજનોએ ઉપસ્થિત રહી ધ્વજાજીના દર્શન કર્યા**

# શીતલ આઈસ્ક્રીમ પરિવાર દ્વારા નાગનાથ મંદિરે ધ્વજારોહણ કરાયું

અમરેલી,તા.૦૧





પવિત્ર શ્રાવણ માસમાં શિવ ભક્તિ-આરાધના ઉત્તમ ગણવામાં આવે છે ત્યારે મંગળવાર તા.૨૯/૦૭/૨૦૨૫ના રોજ શીતલ આઈસ્ક્રીમ ભુવા પરિવાર દ્વારા શ્રી નાગનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ તેમજ આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે દકુભાઈ ભુવા, દિનેશભાઈ ભુવા, ભુપતભાઈ ભુવા, સંજયભાઈ ભુવા સહિત સહપરિવાર દ્વારા નાગનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ તેમજ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુવા પરિવાર દ્વારા આયોજીત ધ્વજારોહણમાં તેમજ મહાઆરતીમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી શહેરીજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**શીતલ આઈસ્ક્રીમનાં દકુભાઈ ભુવા, દિનેશભાઈ ભુવા, ભુપતભાઈ ભુવા, સંજયભાઈ ભુવા નાગનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ અને આરતીમાં જોડાયા**

# આજકાલ હિન્દુ છોકરીઓ નગ્ન થઈને પૈસા કમાઈ રહી છે : સાધ્વી ઋતુભંરા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧



છોકરીઓ અને મહિલાઓ વિશે ધાર્મિક નેતાઓના નિવેદનોની હારમાળા ચાલુ રહે છે. અગાઉ, જ્યાં કથાકાર અનિરુદ્ધાચાર્ય અને પ્રેમાનંદ જી મહારાજે તેમના વિશે નિવેદનો આપ્યા હતા, ત્યાં હવે સાધ્વી ઋતંભરાનું નામ આ યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. સાધ્વી ઋતંભરાએ છોકરીઓ વિશેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીમાં કહ્યું છે કે આજકાલ હિન્દુ છોકરીઓ નગ્ન થઈને પૈસા કમાઈ રહી છે. તેમણે કહ્યું કે ગંદા નૃત્ય કરીને પૈસા કમાઈ રહી છે. તેમના એક ઉપદેશમાં, સાધ્વી ઋતંભરા, જે દીદી મા તરીકે પ્રખ્યાત છે, તેમણે કહ્યું કે તેમને હિન્દુ છોકરીઓ જોઈને શરમ આવે છે. તેણીએ કહ્યું કે ગંદા ગીતો ગાઈને અને નાચીને પૈસા કમાઈ રહી છે. તેના પતિ અને પિતા પણ પૈસાના કારણે તેને કંઈક કહે છે. તેણીએ કહ્યું કે જ્યારે ગંદા પૈસા ઘરમાં આવે છે, ત્યારે પૂર્વજો તેમની દુનિયામાં દુઃખી થવા લાગે છે. સાધ્વી ઋતંભરા આજકાલ રીલ્સના ટ્રેન્ડ સામે વાંધો નોંધાવતી વખતે પોતાના ઉપદેશમાં બોલી રહ્યા હતા. તેણીએ રીલ્સ બનાવતી છોકરીઓ અને મહિલાઓ પર નિશાન સાધ્યું હતું. તે છોકરીઓ પર, સાધ્વીએ કહ્યું કે નાચવાથી, ગંદા ગીતો ગાઈને અને રીલ્સ માટે ઓછા કપડાં પહેરીને પણ રીલ્સ બનાવવામાં આવી રહી છે.

# આજે મોદી વારાણસીમાં ૨૨૦૦ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે

નવીદિલ્હી,તા.૧



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે વારાણસીની મુલાકાતે આવશે. આ પીએમ મોદીનું સંસદીય ક્ષેત્ર પણ છે. શનિવારે સવારે ૧૧ વાગ્યે, પીએમ મોદી વારાણસીમાં લગભગ ૨૨૦૦ કરોડ રૂપિયાના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, તેઓ હાજર સભાને પણ સંબોધિત કરશે. વારાણસીમાં આ પ્રોજેક્ટ્સ માળખાગત સુવિધાઓ, શિક્ષણ, આરોગ્યસંભાળ, પર્યટન, શહેરી વિકાસ અને સાંસ્કૃતિક વારસા જેવા મુખ્ય ક્ષેત્રોમાં ફેલાયેલા છે. તેમનો ઉદ્દેશ્ય વારાણસીમાં એકંદર શહેરી પરિવર્તન, સાંસ્કૃતિક પુનર્જીવન, સુધારેલ કનેક્ટિવિટી અને જીવનની ગુણવત્તામાં વધારો કરવાનો છે. પીએમ મોદી વારાણસીમાં માર્ગ જોડાણ સુધારવા માટે અનેક માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ વારાણસી-ભાદોહી માર્ગ અને ચિત્તૌની-શુલ ટંકેશ્વર માર્ગને પહોળો અને મજબૂત બનાવવા તેમજ મોહન સરાય-અદલપુરા માર્ગ પર ભીડ ઘટાડવા માટે હરદત્તપુર ખાતે રેલ્વે ઓવરબ્રિજનું ઉદ્ઘાટન કરશે. પીએમ મોદી દાલમંડી, લહરતારા-કોટવા, ગંગાપુર, બાબતપુર અને લેવલ ક્રોસિંગ ૨૨C અને ખાલીસપુર યાર્ડ પર રેલ્વે ઓવરબ્રિજ સહિત અનેક ગ્રામીણ અને શહેરી કોરિડોરમાં વ્યાપક માર્ગ પહોળો અને મજબૂત બનાવવાનો શિલાન્યાસ કરશે.

# યુપીમાં કાર-ટ્રક વચ્ચે અકસ્માત થતા પાંચ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧



ઉત્તર પ્રદેશથી એક દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. પ્રાથમિક વિગતો મુજબ અહીં એક કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ડીવાઈડર કૂદી અને સામે આવતી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. અત્યાર સુધી મળતી માહિતી મુજબ આ ખૌફનાક દુર્ઘટનામાં ૫ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા છે. આ તરફ એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આ દુર્ઘટનાને લઈ સ્થળ પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો. ઉત્તર પ્રદેશના મૈનપુરીમાં એક બેકાબૂ કાર ટ્રક સાથે અથડાતા એક ખૌફનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દુઃખદ માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા.

# 'જીવંત નેતાઓના નામે સરકારી યોજનાઓ ચલાવવી જોઈએ નહીં' : મદ્રાસ હાઈકોર્ટ

ચેન્નાઈ,તા.૦૧

મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારને નિર્દેશ આપ્યો છે કે સરકારી કલ્યાણ યોજનાઓના પ્રચારમાં કોઈપણ જીવંત વ્યક્તિનું નામ, કોઈપણ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અથવા વૈચારિક નેતાની તસવીર, રાજકીય પક્ષના પ્રતીક, ધ્વજ અથવા પ્રતીકનો ઉપયોગ ન કરવો. કોર્ટે એઆઈએડીએમકે સાંસદ સી.વી. શનમુગમ અને વકીલ ઈનિયાનની અરજી પર સુનાવણી દરમિયાન આ વચગાળાનો આદેશ આપ્યો છે. અરજદારે આરોપ લગાવ્યો હતો કે તમિલનાડુ સરકાર એક આદેશ દ્વારા આવી યોજના ચલાવી રહી છે, જેમાં મુખ્યમંત્રી એમકે સ્ટાલિનનું નામ ઉમેરવામાં આવ્યું છે. તેમણે ચૂંટણી પંચ અને સરકારી જાહેરાત સામગ્રી દેખરેખ સમિતિ પાસેથી આ અંગે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની ગુજરાત મુલાકાતથી વડાપ્રધાન ખુશ

જમ્મુ, તા.૦૧



જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન સવારે સાબરમતી રિવરફ્રન્ટ પર દોડ્યા હતા અને કેવડિયા પહોંચ્યા પછી સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ જોયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની ગુજરાત મુલાકાત પર ખુશી વ્યક્ત કરી છે. પીએમ મોદીએ કહ્યું કે ઓમર અબ્દુલ્લાની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની મુલાકાત બધા ભારતીયોને દેશના વિવિધ ભાગોમાં મુસાફરી કરવા માટે પ્રેરણા આપશે. એ વાત જાણીતી છે કે ઓમર અબ્દુલ્લા એક પર્યટન કાર્યક્રમમાં હાજરી આપવા માટે અમદાવાદ આવ્યા હતા. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર કહ્યું, 'કાશ્મીરથી કેવડિયા. ઓમર અબ્દુલ્લાજીએ સાબરમતી રિવરફ્રન્ટ પર દોડનો આનંદ માણ્યો હતો.

# મને આપઘાતના વિચાર આવતા, ડિવોર્સ પર પહેલીવાર બોલ્યો ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧



ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર સ્પિનર યુઝવેન્દ્ર ચહલે આ વર્ષે ધનશ્રી વર્માથી છૂટાછેડા લીધા હતા. ચહલ અને ધનશ્રીના લગ્ન ૨૦૨૦ માં થયા હતા, પરંતુ ૫ વર્ષમાં બંનેએ અલગ થવાનો નિર્ણય લીધો હતો. તે જ સમયે, છૂટાછેડાના ૪ મહિના પછી, ચહલે હવે પોતાનું મૌન તોડ્યું છે. એક પોડકાસ્ટમાં, ચહલે ધનશ્રીથી છૂટાછેડા અને કોર્ટમાં ગુપ્ત સંદેશ સાથે ટી-શર્ટ વિશે ખુલ્લેઆમ વાત કરી. ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના આ વર્ષે માર્ચમાં છૂટાછેડા થયા હતા. હવે ચહલે ધનશ્રી વર્માથી છૂટાછેડા પર પોતાનું મૌન તોડ્યું છે. ચહલે આ લગ્નમાં શું ખોટું થયું તે અંગે ખુલ્લેઆમ વાત કરી. યુઝવેન્દ્ર ચહલે કહ્યું કે જ્યારે આ વર્ષની શરૂઆતમાં તેમના પર છેતરપિંડીનો આરોપ લાગ્યો અને છૂટાછેડાની અફવાઓ તીવ્ર બની, ત્યારે તે માનસિક તણાવમાંથી પસાર થયો. યુઝવેન્દ્ર ચહલે કહ્યું કે તેને આત્મહત્યાના વિચારો આવવા લાગ્યા. ચહલે રાજ શમાનીની યુટ્યુબ ચેનલ પર કહ્યું, 'આ ઘણા સમયથી ચાલી રહ્યું હતું. અમે નક્કી કર્યું છે કે જ્યાં સુધી અમે એવી પરિસ્થિતિમાં ન પહોંચીએ જ્યાંથી પાછા ફરવું શક્ય ન હોય ત્યાં સુધી અમે કંઈ નહીં કહીએ. અમે સોશિયલ મીડિયા પર એક સામાન્ય દંપતીની જેમ રહીશું.' જ્યારે યુઝવેન્દ્ર ચહલને પૂછવામાં આવ્યું કે શું તે સમયે તે ફક્ત નાટક કરી રહ્યો હતો, ત્યારે આ સ્પિન બોલરે સંમતિમાં માથું હલાવ્યું.

# રશિયાએ કિવ પર ભીષણ હુમલો કરતા ૩૧ લોકોના મોત, ૧૫૦થી વધુ ઘાયલ

(એચ.એસ,એલ),કિવ,તા.૧



યુક્રેનની રાજધાની કિવ પર રશિયન ડ્રોન અને મિસાઈલ હુમલામાં ૫ બાળકો સહિત ૩૧ લોકોના મોત થયાના એક દિવસ પછી, શુક્રવારે શહેરમાં સત્તાવાર શોક દિવસ મનાવવામાં આવ્યો. આ હુમલામાં ૧૫૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. હુમલાઓ અંગે, યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે ગુરુવારે થયેલા હુમલાઓમાં સૌથી નાની ઉંમરનો ભોગ બનનાર બે વર્ષનો હતો, ઘાયલોમાં ૧૬ બાળકોનો સમાવેશ થાય છે. સત્તાવાર માહિતી અનુસાર, ઓક્ટોબર ૨૦૨૨ માં શહેર પર હવાઈ હુમલા શરૂ થયા પછી કિવ પર થયેલા એક જ હુમલામાં માર્યા ગયેલા અને ઘાયલ થયેલા બાળકોની આ સૌથી વધુ સંખ્યા છે. વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું, ×હુમલાથી અત્યાર સુધીમાં ૩૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જેમાં ૫ બાળકોનો સમાવેશ થાય છે. સૌથી નાનો બાળક ફક્ત બે વર્ષનો હતો. મૃતકોના પરિવારો અને પ્રિયજનો પ્રત્યે મારી સંવેદના. ૧૬ બાળકો સહિત ૧૫૯ લોકો ઘાયલ થયા છે. હાલમાં દરેકને જરૂરી તબીબી સહાય મળી રહી છે. હું બચાવ કાર્યકરો, પોલીસ અધિકારીઓ, ડોકટરો, નર્સો, આ સમયે લોકોને મદદ કરી રહેલા બધા લોકોનો આભારી છું.

# નર્મદા ડેમની જળસપાટી વધતા ૧૫ દરવાજા ખોલાયા, નદી કાંઠા વિસ્તારના ગામોને કરાયા એલર્ટ

(એચ.એસ.એલ),નર્મદા,તા.૧



સરદાર સરોવર નર્મદા ડેમમાં જળસપાટીમાં ધરખમ વધારો નોંધાયો છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં ૮૦ ટકા જળસંગ્રહ થયો છે. હાલ નર્મદા ડેમની જળસપાટી ૧૩૨.૫૭ મીટર પહોંચી છે, જ્યારે સરદાર સરોવર ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર સુધીની છે. છેલ્લા ૨૪ કલાકમાં જળસપાટીમાં ૨.૭૭ મીટરનો વધારો થયો છે. ઉપરવાસમાંથી ૫,૦૭,૭૫૦ ક્યુસેક પાણીની આવક થઈ છે. જ્યારે નર્મદા ડેમમાંથી ૧,૩૭,૦૮૦ ક્યુસેક પાણીની જાવક છે. ડેમના ૧૫ દરવાજા ખોલી ૨.૮૬ લાખ ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવ્યું છે.

આ પાણીની આવક પ્રમાણે ગેટ વધારવા ઘટાડવાનું નક્કી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. રિવરબેડ પાવરહાઉસના ૬ ટર્બાઈનો ધમધમી ઉઠ્યા છે. પાવરહાઉસમાંથી ૪૩,૭૫૫ ક્યુસેક પાણી નદીમાં છોડાઈ રહ્યું છે. કેનાલ હેડ પાવરહાઉસમાંથી ૧૪,૦૯૭ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. એટલે નર્મદા નદીમાં ૧.૩૯ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવે છે. જ્યારે ૫ દરવાજા ખોલી ૫૦૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા પોલીસ, ભરૂચ પોલીસ અને વડોદરા પોલીસ દ્વારા નર્મદા નદી કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરાયા છે.

# અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી આવેલા બે મુસાફરો પાસેથી હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

અમદાવાદ,તા.૧



અમદાવાદમાં નશાખોરી અટકવાનું નામ નથી લેતી. નશીલા પદાર્થોની હેરાફેરી અટકવાનું નામ લઈ રહી નથી. આવા જ એક તાજા બનાવમાં, અમદાવાદ એરપોર્ટ પરથી વધુ એકવાર નશીલું દ્રવ્ય જપ્ત કરવામાં આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી પરત ફરેલી ફ્લાઈટમાં આવેલા ૨ મુસાફરો પાસેથી હાઈબ્રિડ ગાંજો ઝડપાયો છે. કસ્ટમ વિભાગે ૪.૫ કિલોગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કરવા સાથે એક યાત્રીની ધરપકડ કરી છે. બેંગકોકથી અમદાવાદ પરત ફરી રહેલી ફ્લાઈટમાં સફર કરી રહેલા મુસાફરોએ પોતાની બેગ્સમાં આ ગાંજાને છુપાવ્યો હતો. પ્રાપ્ત થતી માહિતી અનુસાર, ડીઆરઆઈ (ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ) એ પણ બેંગકોકથી આવેલી ફ્લાઈટના યાત્રીની ધરપકડ કરી હતી. તેની પાસેથી અંદાજે ૧૦ કિલોગ્રામ જેટલો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. આ ગાંજાની સાથે એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો અને નશીલા દ્રવ્યોની હેરાફેરીના આરોપસર તેની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનામાં આ જથ્થો ક્યાંથી આવ્યો અને કોને પહોંચાડવાનો હતો એ તમામ બાબતો અંગેની વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાના અહેવાલો છે.

# ખાતરમાં થયેલો ભાવવધારો પરત ખેંચવા ભારતીય કિસાન સંઘની માંગ

રાજુલા,તા.૦૧




ભારતીય કિસાન સંઘે રાસાયણિક ખાતરોમાં થયેલા ભાવ વધારા સામે વિરોધ નોંધાવ્યો છે. આજે ગાંધીનગરમાં પ્રેસ કોન્ફરન્સ યોજીને સંઘે માગ કરી છે કે, **NPK**, પોટાશ અને **ASP** જેવા ખાતરોમાં કંપનીઓ દ્વારા કરવામાં આવેલો ભાવ વધારો તાત્કાલિક અસરથી પાછો ખેંચવામાં આવે. આ અંગે ભારતીય કિસાન સંઘના મહામંત્રી આર. કે. પટેલે કહ્યું કે, હાલમાં સરકાર દ્વારા ખેડૂતોને સબસિડી સાથે ડીએપી ખાતર ૧,૩૫૦ રૂપિયામાં અને યુરિયા ૨૬૬.૫૦ રૂપિયામાં આપવામાં આવે છે. પરંતુ ખાતરના વિતરણમાં અનિયમિતતા જોવા મળી રહી છે. ખેડૂતોના હકનું ખાતર અન્ય ઉદ્યોગોમાં ખોટી રીતે વેચાણ થઈ રહ્યું છે.

# જૂનાગઢમાં વાઘબકરી ચાના ડુપ્લિકેટ લોગો સાથે વેચાણ કરતો કરિયાણાનો વેપારી ઝડપાયો

જૂનાગઢ,તા.૧




જૂનાગઢમાં વાઘ બકરી ચાની કંપનીના ડુપ્લિકેટ લોગો લગાવીને ચાનું વેચાણ કરતા કરિયાણાના વેપારીની પોલીસે અને કંપનીના લીગલ મેનેજરે અઢી લાખના ચાના જથ્થા સાથે ધરપકડ કરીને ફરિયાદ દાખલ કરી છે.

દિવસે ને દિવસે ડુપ્લિકેટની હારમાળામાં વધારો થઈ રહ્યો છે ત્યારે હવે નામાંકિત ચાની કંપનીના ડુપ્લિકેટ લોગો લગાવીને ચાનું વેચાણ કરતા એક શખ્સને મોટા જથ્થા સાથે વાઘ બકરી ચાના લીગલ મેનેજર અને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. વાઘબકરી ચાના અમદાવાદ સ્થિત લીગલ મેનેજર જયમન રજનીભાઈ શાહ જૂનાગઢમાં આવ્યા હતા અને તેઓ અહીના સ્થાનિક એરિયા સેલ્સ મેનેજર સાથે બજારમાં ફરી રહ્યા હતા ત્યારે તેમને એવી હકીકત મળી કે, જૂનાગઢ શહેરના સુખનાથ ચોક પાસે નરસિંહ મહેતાના ચોરા પાસેના રોડ ઉપર આવેલ આપા ગીગા પ્રોવિઝન સ્ટોરમાં તેમની કંપનીના ડુપ્લિકેટ લોગો વાળી ચાનું વેચાણ થાય છે, જેથી તેઓએ એ ડિવિઝન પોલીસની મદદ માંગી હતી અને પોલીસની એક ટીમ સાથે તે સ્થળે તપાસ કરી હતી. તો અહી વેપારી દીપક ભગવાનદાસ લાલવાણીની દુકાનના ગોડાઉનમાંથી વાઘબકરી કંપનીના ડુપ્લિકેટ આર્ટવર્ક લોગોના ચા ભરેલા અનેક બાચકા મળી આવ્યા હતા.

# શહેરા તાલુકામાં યુવતીઓને મળવા ગયેલા યુવકોને તાલિબાની સજા



શહેરા,તા.૦૧

પંચમહાલના શહેરા તાલુકાના તાડવા ગામે મીઠાપુરના બે યુવક છોકરીઓને મળવા આવતાં પકડાઈ ગયા હતા. એની જાણ ગામના યુવાનોને થતાં તેમણે બંને યુવકને પકડીને ઝાડ સાથે બાંધી દીધા હતા તેમજ તેમને લાકડીઓના ફટકા મારતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આ સમગ્ર મામલે પોલીસે ૧૦ આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરા તાલુકાના તાડવા ગામમાં મીઠાપુરના બે યુવાનને ઝાડ સાથે બાંધી લાકડાના દંડાથી માર મારતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો, જેમાં બે છોકરીને પણ આ ગામના યુવકો દ્વારા લાકડીના ફટકા મારવામાં આવી રહ્યા હતા. ગામની છોકરીઓને મળવા આવેલા બે યુવક પકડાઈ જતાં બંનેને ગ્રામજનોએ ઝાડ સાથે બાંધી દીધા હતા તેમજ તેમને લાકડીઓના ફટકાથી માર મારવામાં આવ્યો હતો.

# રાજકોટ શહેરમાં સ્પામાં કામ કરતી મહિલાને સંચાલકે દુષ્કર્મનો શિકાર બનાવી ધમકી આપી

રાજકોટ,તા.૧

**યુનિવર્સિટી પોલીસે દુષ્કર્મ સહિતની અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધ્યો**

રાજકોટમાં સ્પામાં કામ કરતી મહિલાકર્મી સાથે દુષ્કર્મની ઘટનાને લઈને ચકચાર મચી છે. જેમાં સ્પા સંચાલકે મહિલાને બળજબરીથી ટેબલ પર સુવડાવી દુષ્કર્મ આચર્યું હતું. યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોક પાસે આવેલ રોયલ વેલનેસ સ્પાના માલિક ભરત નામના શખ્સે સ્પામાં બોડી મસાજના કામે આવતી મહિલાને 'મારે સેક્સ જ કરવું છે' કહી કોઈને વાત કહીશ તો પુત્રને મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ મહિલા અન્ય સ્પામાં કામે લાગી જતાં આરોપીએ ત્યાં ઘસી જઈ મારઝૂડ કરતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે આરોપી સામે ગુનો નોંધીને તેની શોધ હાથ ધરી છે.

બનાવ અંગે રાજકોટ શહેરમાં રહેતી ૪૦ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટમાં પંચાયત ચોક પાસે આવેલ રોયલ વેલનેસ સ્પાના માલિક ભરત નામના શખ્સનું નામ આપતા યુનિવર્સિટી પોલીસે દુષ્કર્મ સહિતની અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધી આરોપી ભરત નામના શખ્સને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

# અનિરૂધ્ધસિંહ જાડેજાના પેટ્રોલ પંપ પર ફાયરિંગ કરનારા ૪ શખ્સ યુપીથી ઝડપાયા



રાજકોટ,તા.૦૧

રાજકોટ રૂરલ **LCB**ની ટીમે બે સગાભાઈ સહિત ફાયરિંગ કરનારી ૪ વ્યક્તિને ઉત્તરપ્રદેશથી ઝડપી લીધા છે, જેમાં ઈરફાન ઉર્ફે સીપા મોહમ્મદ રઈસ કુરેશી (ઉં.વ.૩૨), અભિષેક કુમાર પવનકુમાર જિંદલ/અગ્રવાલ (ઉં.વ.૨૮), પ્રાન્સુકુમાર પવનકુમાર જિંદલ/અગ્રવાલ અને વિપિનકુમાર વિરેન્દ્રસિંહ જાટ(ઉં.વ.૨૬)નો સમાવેશ થાય છે. ઈરફાન પર અમદાવાદમાં ૪ પાસા સહિત ૨૭ ગુના નોંધાયેલા છે. પ્રાથમિક પૂછપરછમાં હાર્દિકસિંહ જાડેજાના કહેવાથી ફાયરિંગ કર્યું હોવાની આરોપીઓએ કબૂલાત આપી છે.


-:: અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.અમરેલીની ચૂંટણીનું જાહેરનામું ::-

-//નમુનો-૧//-

(જુઓ નિયમ-૧૬)

ક્રમાંક : ચટણ/વશી/૬૫૩/૨૦૨૫ — નાયબ કલેકટર કચેરી, અમરેલી

તા. ૦૧/૦૮/૨૦૨૫

ગુજરાત નિર્દિષ્ઠ સહકારી મંડળીઓના સમિતિઓની ચૂંટણી બાબત નિયમો-૧૯૮૨નાં નિયમ-૧૬ થી મળેલ સત્તાની રૂઈએ હું અમરેલી સબ ડીવીઝનના નાયબ કલેક્ટર (પ્રાંત) અને ચૂંટણી સત્તાધિકારી, અમરેલી તરીકે આથી જાહેર કરૂ છું કે, અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલીના નામે ઓળખાતી નિર્દિષ્ઠ સંઘ વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની તેના મતદારોમાંથી ચૂંટાયેલા સભ્યોની બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મીટીંગની પ્રથમ બેઠક મળે તે તારીખથી પાંચ વર્ષની મુદત માટે (૧) સંયોજિત દુધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ-૬, (૨) સંયોજિત મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ-૩, (૩) વ્યકિતગત શેર હોલ્ડર (ડેલીગેટ)માંથી પ્રતિનિધિ-૪, (૪) સંયોજિત મહિલા સહકારી મંડળીઓના પ્રતિનિધિ-૨, (૫) અન્ય સંયોજિત સહકારી મંડળીઓ(ઈતર)ના પ્રતિનિધિ-૨ એમ મળી કુલ-૧૭ (સત્તર) બેઠકોની ચૂંટણી થવાની છે અને નિર્દિષ્ઠ કરેલ મતદાર મંડળ (ઝોન) અથવા મતદાર મંડળો જેનો આમાં હવે "સબંધિત મતદાર મંડળ (ઝોન)" તરીકે ઉલ્લેખ કર્યો છે. તેની ચુંટણી સંબંધમાં-

-:: અનુસુચિ ::-

| | | |
|---|---|---|
| ૧ | ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫, ૧૫:૦૦ કલાક સુધી, મામલતદાર કચેરી, અમરેલી (ગ્રામ્ય) ખાતે રજાના દિવસો સિવાય. |
| ૨ | ઉમેદવારી પત્રોની પ્રસિધ્ધિની તારીખ | ઉમેદવારીપત્રો ભરવા માટેની ઠરાવેલી છેલ્લી તા.૦૮/૦૮/૨૦૨૫ |
| ૩ | ઉમેદવારીપત્રો ચકાસવાની તારીખ, સમય અને સ્થળ | તા.૧૧/૦૮/૨૦૨૫, સવારે ૧૧:૦૦ કલાકથી, મામલતદાર કચેરી, અમરેલી (ગ્રામ્ય) |
| ૪ | માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધિની તારીખ | તા.૧૨/૦૮/૨૦૨૫ |
| ૫ | ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ | તા.૧૩/૦૮/૨૦૨૫, ૧૫:૦૦ કલાક સુધી |
| ૬ | હરીફ ઉમેદવારની છેવટની યાદીની પ્રસિધ્ધિની તારીખ | તા.૧૪/૦૮/૨૦૨૫, ૧૫:૦૦ કલાક સુધી |
| ૭ | મતદાનની તારીખ, સ્થળ અને સમય | તા.૨૩/૦૮/૨૦૨૫, સમયઃ સવારના ૯:૦૦ કલાકથી ૧૫:૦૦ કલાક સુધી, અમર ડેરી, ત્રીજો માળ, એડમીન બિલ્ડીંગ, ધારી-અમરેલી રોડ, મુ.વાંકિયા, તા.જી.અમરેલી. |
| ૮ | મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | તા.૨૫/૦૮/૨૦૨૫, સવારના ૯:૦૦ કલાકથી પુર્ણ થતાં સુધી, મામલતદાર કચેરી, અમરેલી (ગ્રામ્ય) |
| ૯ | મતદાનના પરિણામની જાહેરની તારીખ | મતગણતરી પછી તરત જ |

નોંધઃ- તા.૨૩/૦૮/૨૦૨૫નાં રોજ મતદાન પુર્ણ થયા બાદ સીલબંધ મતદાનપેટીઓ સુરક્ષા માટે જિલ્લા તિજોરી કચેરી, અમરેલીનાં સ્ટ્રોંગરૂમમાં રાખવાની રહેશે.

સહી
(એમ.જે.નાકિયા)
ચૂંટણી સત્તાધિકારી
અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલી
-વ-
નાયબ કલેક્ટર, અમરેલી


# રાજકોટમાં બોથડ પદાર્થનો ઘા મારી પરપ્રાંતીય શખ્સની હત્યા

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧

રાજકોટમાં હત્યાની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ખીજડાવાળા રોડ પર ખુલ્લા પ્લોટમાં પરપ્રાંતીય શખ્સનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ શખ્સની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસની ટીમ, **LCB** ઝોન ૨ ટીમ, એસીપી તેમજ ડીસીપી કક્ષાના અધિકારીઓ સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ શહેરના માયાણી ચોક નજીક ખીજડાવાળા રોડ પર આવેલ ખુલ્લા પ્લોટમાં એક યુવાનની લાશ પડી હોવાની જાણ ૧૦૮ને કરવામાં આવતા ૧૦૮ના **EMT**એ આવી યુવકને તપાસી મૃત જાહેર કરી પોલીસ કંટ્રોલમાં જાણ કરી હતી. બનાવ અંગે જાણ થતા રાજકોટ માલવિયાનગર પોલીસ સ્ટાફ, **LCB** ઝોન ૨ સ્ટાફ તેમજ એસીપી અને ડીસીપી કક્ષાના અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસ દરમિયાન મૃતક યુવકની ઓળખ થઈ હતી. તે મૂળ ઉત્તરપ્રદેશનો વતની હોવાનું અને છેલ્લા ૫-૬ વર્ષથી રાજકોટમાં રહી ફેબ્રિકેશનનું મજૂરીકામ કરતો હોવાનું તેમજ અપરણિત હોવાનું સામે આવ્યું છે. જેનું નામ રાજેશ ઉર્ફે રાજુ ચિંતામણી રાજભર હોવાનું સામે આવ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક રાજેશ ઉર્ફે રાજુને માથાના ભાગે ઈજાના એક કરતા વધુ નિશાન જોવા મળી રહ્યા છે, જેથી બોથડ પદાર્થના ઘા મારી હત્યા નિપજાવી હોવાની શંકા છે.








